RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) दैनिक

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 251* Date: 08.07.2020 * Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કોરોનાના કારણે ઓનલાઈન ભણતા વિદ્યાર્થીઓને અમેરિકાનો ઝટકો

# ટ્રમ્પ ઓનલાઈન ક્લાસ કરતા વિદ્યાર્થીઓના વિઝા રદ કરશે

**અમેરિકી સરકારના નિર્ણયથી ૨ લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ પર તોળાતુ સંકટ, કુલ ૧૧ લાખ વિદેશી છાત્રો પાસે સક્રિય છાત્ર વિઝા**

*વૉશિંગ્ટન,તા.૭*

અમેરિકામાં કોરોના વાઈરસ મહામારી વચ્ચે સ્ટૂડન્ટ વિઝાને લઈને મોટી જાહેરાત કરવામાં આવી છે. જેમાં ટ્રમ્પ સરકારે નિર્ણય કર્યો છે કે, તેઓ એવા વિદ્યાર્થીઓના સ્ટૂડન્ટ વિઝા રદ કરશે, જેમનો અભ્યાસ કોરોનાના કારણે માત્ર ઓનલાઈન ચાલી રહ્યો છે. આ નિર્ણયની ભારતીય વિદ્યાર્થીઓ પર વધારે અસર થશે. ટ્રમ્પ પ્રશાસનના આ નિર્ણયથી કુલ ૧૦ લાખ વિદ્યાર્થીઓને મુશ્કેલી થશે. તેમા ૨ લાખથી વધારે ભારતીય છે.

ઈમીગ્રેશન એન્ડ કસ્ટમ એન્ફોર્સમેન્ટ (ICE) મુજબ, સ્ટૂડન્ટ વિઝા પર અમેરિકામાં ભણી રહેલા વિદેશી વિદ્યાર્થીઓ, કે જેમનો અભ્યાસ માત્ર ઓનલાઈન ચાલી રહ્યો છે. તેમને અમેરિકા છોડીને પોતાના દેશમાં પરત ફરવું પડશે.

હોમલેન્ડ સિક્યોરિટી વિભાગના એક રિપોર્ટ અનુસાર, હાલના સમયમાં અમેરિકામાં ૧૦ લાખથી વધુ વિદેશી વિદ્યાર્થીઓ પાસે સ્ટૂડન્ટ વિઝા છે.

ICE મુજબ, F-1ના વિદ્યાર્થીઓ એકેડમિક કોર્સ વર્કમાં સામેલ થાય છે. જ્યારે M-1 સ્ટૂડન્ટ વોકેશનલ કોર્સવર્ક કરે છે.




F-1 વિઝા એવા ઈન્ટરનેશનલ વિદ્યાર્થીઓ માટે જાહેર કરવામાં આવે છે. જે કોઈ અમેરિકન કૉલેજ કે યુનિવર્સિટીમાં શૈક્ષણિક કાર્યક્રમમાં ભાગ લે છે. તેઓ પોતાનું શૈક્ષણિક સત્ર પૂર્ણ કરવામાં લાગતા સમય ઉપરાંત ૬૦ દિવસ પહેલા સુધી અમેરિકામાં રહી શકે છે.

M-1 વિઝાનો ઉપયોગ એવા વ્યક્તિ દ્વારા કરવામાં આવે છે, જે શૈક્ષણિક નહીં, પરંત વ્યવસાયીક કાર્ય કરવા માંગે છે. M1 વિઝા ધારકના સ્પાઉશને M-2 વિઝા આપવામાં આવે છે.

કોરોના સંક્રમણના કારણે અમેરિકાની અનેક મોટી યુનિવર્સિટીએ પહેલાથી જ ઓનલાઈન અભ્યાસ કરાવવાનો શરૂ કરી દીધો છે. હાવર્ડે પણ પોતાના તમામ કોર્સ ઓનલાઈન શરૂ કરી દીધો છે અને કેમ્પસમાં રહેતા વિદ્યાર્થીઓને પણ હવે ક્લાસમાં જવાની જરૂર નથી. એવામાં અમેરિકામાં રહીને હાવર્ડમાં અભ્યાસ કરી રહેલા વિદેશી વિદ્યાર્થીઓને પરત મોકલવાનો માર્ગ મોકળો થઈ ગયો છે.

ઈમિગ્રેશન ડિપાર્ટમેન્ટે જાહેરાત કરી દીધી છે કે, કેટલાક ખાસ સ્ટૂડન્ટ વિઝા ધરાવતા વિદ્યાર્થીઓને ઓનલાઈન ક્લાસિસ શરૂ હોવાના કારણે અમેરિકામાં રહેવાની જરૂરિયાત નહીં રહે. એવામાં વિદ્યાર્થીઓને અમેરિકા દર સેમેસ્ટરના વિઝા ઉપલબ્ધ નહીં કરાવે અને તેમને ઘરે પરત ફરવું જોઈએ. હાલ અમેરિકાની મોટાભાગની યુનિવર્સિટીમાં ઓનલાઈન અભ્યાસ ચલાવાઈ રહ્યો છે.

૨૦૧૮-૧૯માં અમેરિકામાં કુલ ૧૦ લાખ વિદેશી વિદ્યાર્થીઓને વિઝા આપવામાં આવ્યા છે. તે અમેરિકામાં હાયર સ્ટડિઝ કરનારમાં ૫.૫% છે. ૨૦૧૮માં અમેરિકાને વિદેશી વિદ્યાર્થીઓથી ૪૪.૭ કરોડ ડોલરની કમાણી થઈ હતી. સૌથી વધારે વિદ્યાર્થીઓ ચીનના છે. ત્યારપછી ભારત, સાઉથ કોરિયા, સાઉદી અરબ અને કેનેડાનો નંબર છે. ૨૦૧૮-૧૯માં ભારતમાંથી બે લાખથી વધારે વિદ્યાર્થીઓ અમેરિકા ગયા હતા. ચીનથી ૩,૬૯,૫૪૮ વિદ્યાર્થીઓ અમેરિકા આવ્યા.

### અમેરિકા પાસે અત્યારે પણ વિશ્વની શ્રેષ્ઠ સૈન્ય શક્તિ

## ચીન સાથે યુદ્ધ થયું તો ભારતનો સાથ આપશે અમેરિકન સેના: વ્હાઈટ હાઉસ

વોશિંગ્ટન,તા.૭

ભારત અને ચીનના સરહદી વિવાદ વચ્ચે અમેરિકાએ નીડરતાપૂર્વક કહી દીધું છે કે, તે પ્રશાંત મહાસાગર હોય કે તેનાથી આગળ, પોતાની પ્રભાવી શક્તિની ભૂમિકાથી પીછેહઠ નહીં કરે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ચીફ ઓફ સ્ટાફ માર્ક મેડોસના કહેવા પ્રમાણે ભારત અને ચીનના વિવાદ સાથે સંકળાયેલો મુદ્દો હોય કે પછી બીજું કાંઈ પણ તેમનું (અમેરિકાનું) વલણ આકરૂં જ રહેશે. વધુમાં તેમણે ચીનની સરહદ સાથે જોડાયેલા કોઈ દેશ બેઈજિંગની આક્રમક કાર્યવાહીથી સુરક્ષિત નથી તેમ પણ જણાવ્યું હતું.

તણાવના માહોલ વચ્ચે દક્ષિણ ચીની સમુદ્રમાં બે એરક્રાફ્ટ કેરિયર તૈનાત કરવા મામલે મેડોસે જણાવ્યું કે, 'અમારો સંદેશો સ્પષ્ટ છે. અમે મૂકદર્શક નહીં બની રહીએ. ચીન હોય કે કોઈ બીજું, અમે તે વિસ્તાર કે અન્ય કોઈ જગ્યાએ બીજા કોઈ દેશને સૌથી શક્તિશાળી, પ્રભાવી તાકાતનો દરજ્જો નહીં લેવા દઈએ.

અમારી સૈન્ય તાકાત મજબૂત છે અને ભવિષ્યમાં પણ મજબૂત જ રહેશે. પછી તે ભારત અને ચીન વચ્ચેના સંઘર્ષ સાથે સંકળાયેલો મુદ્દો હોય કે કોઈ અન્ય.'

મેડોસના કહેવા પ્રમાણે અમેરિકાનું મિશન વિશ્વને જ્ઞાત થાય કે અમેરિકા આજે પણ વિશ્વની સર્વશ્રેષ્ઠ સૈન્ય તાકાત છે તે સુનિશ્ચિત કરવાનું છે. અમેરિકાનું આ નિવેદન એવા સમયે સામે આવ્યું છે જ્યારે ચીને સોમવારે કહ્યું હતું કે, 'આગળના મોરચે તૈનાત સૈનિકો ભારત સાથે જોડાયેલી વાસ્તવિક નિયંત્રણ રેખા પર ગાલવાન ઘાટીમાં પીછેહઠ કરવા અને તણાવ ઘટાડવાની દિશામાં પ્રગતિ માટે પ્રભાવી પગલા ભરી રહ્યા છે.'

### છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૨,૨૫૨ કેસ,૪૬૭ના મોત

## દેશમાં કોરોનાના કેસ ૭ લાખને પાર: મૃત્યુઆંક ૨૦,૧૬૦એ પહોંચ્યો

ન્યુ દિલ્હી,તા.૭

દુનિયાભરના તમામ દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોના વાયરસનો કહેર સતત વધી રહ્યો છે તેવી જ રીતે હવે કોરોનાથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ દિવસેને દિવસે વધી રહી છે. બે મહિનાના સખત લોકડાઉન બાદ તેમાં આપવામાં આવેલી છૂટછાટ બાદ કોરોનાનો કહેર દિવસેને દિવસે ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે મંગળવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને ૭૧૯૬૬૫ સુધી પહોંચી ગયા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૨૨૨૫૨ નવા કેસ નોંધાયા છે. આ સાથે જ ભારત દેશ દુનિયાભરમાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં રશિયાને પાછળ છોડીને ત્રીજા ક્રમાંક પર પહોંચી ગયો છે.

જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૬૦.૮૦ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૫૧૫ લોકો સ્વસ્થ્ય થયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૪૩૯૯૪૮ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા વધારે થઈ ગઈ છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૪૬૭ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૨૦૧૬૦ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે મંગળવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૨૫૯૫૫૭ એક્ટિવ કેસ છે.



મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૨,૧૧,૯૮૭ કેસ નોંધાયા છે જ્યારે ૯૦૨૬ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૧૧૪૯૭૮ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૧૫૭૧ લોકો કાળનો કોળિયો બની ગયા છે. ત્યારબાદ દિલ્હીમાં ૧૦૦૮૨૩ કેસ નોંધાયા છે જ્યારે ૩૧૧૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. ગુજરાતમાં ૩૬૧૨૫ લોકો સંક્રમણમાં આવ્યા છે ૧૯૬૨ લોકોના મોત થયા છે.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૧,૧૬,૧૫,૪૩૩ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૫,૩૭,૯૭૧ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૬,૫૯,૯૨૫૩ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૪,૭૭,૮,૨૦૯ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં રશિયાને પાછળ છોડીને ભારત ત્રીજા ક્રમાંક પર પહોંચી ગયો છે.

### ચીનના અખબાર ગ્લોબલ ટાઈમ્સે ભારતને આપી ધમકી

## તિબેટ ચીનની આંતરિક બાબત,ભારત દૂર રહે નહીંતર નુકસાન ભોગવવું પડશે

બીજિંગ,તા.૭

ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી સાથે જોડાયેલા અખબાર ગ્લોબલ ટાઈમ્સે એક વાર ફરી ભારતને ધમકી આપી છે. આ અખબારને ચીનની સરકારનું મુખપત્ર પણ સમજી શકાય છે. અખબારે સંપાદકીય લેખમાં કહ્યુ છે કે ભારતીય મીડિયાના કેટલાક ભાગોમાં આ મુદ્દો ઉઠાવવામાં આવી રહ્યો છે કે ભારતે તિબ્બત કાર્ડનો ઉપયોગ કરવો જોઈએ. અખબારે કહ્યુ કે આ માર્ગથી ભટકાઈ ગયેલો અને અવ્યવસ્થિત વિચાર છે.

'પ્રસ્તાવિત તિબેટ કાર્ડ ભારતીય ઈકોનૉમી માટે નુકસાનદાયક' શીર્ષક સાથે લખેલા લેખમાં અખબારે કહ્યુ છે કે ભારતમાં કેટલાક લોકોનુ એ વિચારવુ છે કે ચીન સાથે તણાવ દરમિયાન તિબેટ કાર્ડથી ફાયદો થઈ શકે છે. આ વિચાર એક ભ્રમ છે. અખબારે લખ્યુ છે કે તિબેટ ચીનનો આંતરિક મુદ્દો છે અને આ મુદ્દાને સ્પર્શવો જોઈએ નહીં.

ગ્લોબલ ટાઈમ્સે તિબેટની પ્રગતિ વિશે પણ લખ્યુ છે. દાવો કર્યો છે કે તાજેતરમાં જ કેટલાક વર્ષમાં તિબેટ સ્વાયત્ત ક્ષેત્રો તુલનાત્મક રીતે વધારે ઝડપથી વિકાસ થયો છે.

ગ્લોબલ ટાઈમ્સે કહ્યુ છે કે તિબેટ ક્ષેત્રમાં સ્થિર સામાજિક વાતાવરણ તૈયાર કરવા માટે ઝડપી વિકાસ એક સારી બુનિયાદ છે. ચીનના અંગ્રેજી અખબારે કહ્યુ છે કે તથાકથિત તિબેટ કાર્ડ માત્ર કેટલાક ભારતીયોની કલ્પનાની ઉપજ છે અને વાસ્તવિકતામાં આનુ મહત્વ નથી.

ચીને એ પણ દાવો કર્યો છે કે ૨૦૧૯માં તિબેટનો જીડીપી ૮.૧ ટકાની ઝડપથી વધ્યો. તિબેટ ક્ષેત્રએ ૭૧ દેશોની સાથે વ્યાપારિક સંબંધ પણ બનાવ્યા. નેપાળની સાથે તિબેટનો વેપાર ૨૬.૭ ટકા વધ્યો.

ગ્લોબલ ટાઈમ્સે લખ્યુ છે કે ચીન વિરોધી કેટલીક તાકાત તિબેટ મુદ્દાનો ઉપયોગ કરીને ચીનની વન ચાઈના પૉલિસી વિરૂદ્ધ ઉશ્કેરણી પેદા કરવાનુ કામ કરે છે પરંતુ સત્ય આવા શબ્દો કરતા વધારે અસરદાર છે.

ચીને કહ્યુ છે કે તિબેટની ઈકોનૉમી ઝડપથી વધશે તો સમાજમાં સ્થિરતા આવશે. આનાથી ચીન અને ભારતનો વ્યાપારિક સંબંધ પણ શ્રેષ્ઠ હશે. ચીને કહ્યુ કે આશા કરીએ છીએ કે ભારત તે રાજ્યોમાં આર્થિક સ્થિતિ શ્રેષ્ઠ કરવા માટે વધુ પ્રયત્ન કરશે જે તિબેટ વિસ્તારોની આસપાસ છે.

### બ્રિટનમાં ઓક્સફર્ડ યુનિ.નું વેક્સિન પરીક્ષણ ત્રીજા તબક્કામાં

## કોરોનાની વેક્સીન ૨૦૨૧ સુધી તૈયાર થઈ જવાની WHOને આશા

જિનિવા,તા.૭

દુનિયાની સૌથી મોટી નોડલ હેલ્થ એજન્સી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનાં મુખ્ય વૈજ્ઞાનિક સૌમ્યા સ્વામીનાથને જણાવ્યું છે કે વિશ્વમાં આશરે ૧૫૦ જેટલી કોરોના વેક્સીનનું પરીક્ષણ રહ્યું છે ૨૦૨૧ સુધી તે તૈયાર થઈ જવાની શક્યતાઓ છે. તેઓએ જણાવ્યું હતું કે આગામી વર્ષે એક અથવા વધુ સંખ્યામાં વેક્સીન તૈયાર થઈ જશે તે અંગે અમે આશાવાદી છીએ.




આ ઉપરાંત સૌમ્યા સ્વામીનાથને કહ્યું હતું કે તમામ દેશોને વેક્સીન મળી રહે તે હેતુથી ડબલ્યુએચઓએ યોગ્ય માળખાકીય રચના અંગે ચર્ચા શરુ કરી દીધી છે. બીજી તરફ બ્રિટનમાં ઓક્સફર્ડ યુનિર્વસિટી દ્વારા વિકસિત એક વેક્સીનનું પરીક્ષણ ત્રીજા તબક્કામાં પહોંચી ગયું છે. તેનું ટેસ્ટિંગ બ્રાઝીલ અને દક્ષિણ આફ્રિકાની હોસ્પિટલોમાં કરવામાં આવી રહ્યું છે.

ડબલ્યુએચઓએ કોરોના વાયરસ સામેના જંગમાં ભારતના પ્રયાસોની પ્રશંસા કરી છે. ડબલ્યુએચઓનું કહેવું છે કે ભારતને હવે કોરોના વાયરસ સાથે જોડાયેલા ડેટા મેનેજમેન્ટ પર પણ ફોકસ કરવું જોઈએ. ડબલ્યુએચઓનું માનવું છે કે ભારતની સૌથી મોટી સમસ્યા વસ્તી અને ભૌગોલિક વિવિધતા છે. તેથી ડેટા એકઠા કરવા વધારે જરૂરી બની જાય છે.

ડબલ્યુએચઓએ ભારત સરકારના મજબૂત રાજકિય નેતૃત્વની પ્રશંસા કરી છે. ભારતે કોરોના વાયરસના રોગચાળામાં ટેસ્ટિંગથી લઈને તેને મોટા સ્તર સુધી લઈ જવા સુધી સારી ભૂમિકા ભજવી છે. સાથે જ ભારતે કોરોના વાયરસના ચેપ સાથે તબક્કાવાર લોકડાઉન લગાવ્યું અને પછી તેવી જ રીતે તેને અનલોક કર્યું છે. પરંતુ હવે અમે નવા તબક્કામાં પહોંચ્યા છીએ તેથી ભારતે અને તેના જેવા અન્ય દેશોએ એક લાંબી રણનીતિ અંગે વિચારવું જોઈએ.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા : ૭૭૮**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૩૭૬૩૬**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૭**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૪૨૧**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૬૭૪૪**

## તંત્રી સ્થાનેથી...

# ચીનના નાના-મોટા પ્રોજેક્ટો પર ભારતમાં પ્રતિબંધ મુકાશે કે કેમ.....?

ભારતની સરહદે દગાખોર મિત્ર ચીન ખુદ ચારે બાજુથી ઘેરાવા લાગતા ચીન પણ સમજી ગયું હતું કે ભારતની ભૂમિ પચાવવા જતા રશિયા, જાપાન, અમેરિકા સહિતના અન્ય દેશો સંપૂર્ણ રીતે ભારતને સહયોગ આપશે... અને ભારત કરતાં ચીનને વધુ નુકશાન થઈ શકે.....! તેમજ વિશ્વના અન્ય દેશો પણ ચીન સાથે સંબંધોની પૂર્ણાહુતિ કરી નાખશે... તો ચીનને આર્થિક ફટકો પડવાની શરૂઆત પણ થઈ ચૂકી હતી જે કારણે ચીનમાં બેરોજગારી પણ વધવા લાગી હતી.... નિકાસ ઘટી જતાં ચીનમાજ લોકક્રાંતિ થઈ શકે..... અને રશિયાની જેમ તેના પણ ભાગના થઈ જાય....જોકે કોરોનાને લઈને જિનપિંગનો મહત્વકાંક્ષી પ્રોજેક્ટ ×સીપેક ઈકોનોમિક કોરીડોર× ઘોંચમાં પડી ગયો છે તેનું કામ અટકી ગયું છે.... તો ચીને ગલવાનમાથી પોતાનું લશ્કર પરત ખેંચવાનું શરૂ કરી દીધું છે...... તે માટેનું મૂળ કારણ કે ત્યાં પહાડો પરનો બરફ પીગળવા લાગતા તેનું પાણી ગલવાન નદીમાં વધવા લાગ્યુ જે પાણી ખૂબ જ ઠંડું હોય છે અને જીવલેણ હોય છે એટલે ચીને પોતાની તંગડી ઉચી રાખવા પોતાના વિદેશ મંત્રાલય સાથે તેમજ અન્ય કક્ષાએ સતત લશ્કર પરત ખેંચવા મીટીંગો નો દોર ચાલી રહ્યો હતો છતાં પ્રશ્નનો નિવેડો આવતો ન હતો પરંતુ પરિસ્થિતિ પારખીને ચીનના વિદેશ મંત્રી અને અજીત ડોભાલ વચ્ચેની વાતચીત દરમિયાન બંને દેશો વચ્ચે લશ્કર પરત ખેંચવા સહમતી સધાઈ.... જેમાં ચીન લશ્કર પાછું ખેંચવા તૈયાર થઈ ગયું છે અને ખેચવાની શરૂઆત કરી દીધી છે. પરંતુ પેન્ગોગ સરોવર પાસે ચીની સૈનિકો ખડકાયેલા છે.....!! આ બધું છતાં ચીનનો ભરોસો ન રાખી શકાય..... કારણ કે ૧૯૬૨ માં ચીને આ રીતે જ લશ્કર પાછું ખેચીને સમાધાનનો દેખાડો કર્યો હતો અને ત્રણ મહિના પછી ભારત પર હુમલો કરી દીધો હતો.... એટલે દગાખોરી ચીનની ગળથૂથીમાં છે માટે ચીન પર ભરોસો કરવો ભારત માટે હિતાવહ નથી..... ગત કોલમમાં અમેં જણાવ્યું હતું કે ચીન ભારત સાથે યુદ્ધ કરતા સો વખત વિચારશે અને હાલના સમયમાં નહીં કરે..... અને અત્યારે એવું જ થયું છે. છતાય આ તો દૂષ્ટ દગાખોર ચીન છે તેનો વિશ્વાસ કર્યો તો સમજો કે તમારી પીઠમાં મોકો જોઈને ખંજર તો ઘુસાડશેજ......!!

ચીની માલ સામાનના બહિષ્કાર કરવાના ભારત અને ભારતની પ્રજાના રાહ પર અન્ય દેશો અને તેનાં લોકોએ પણ ચીનના ઉત્પાદનોનો બહિષ્કાર કરવાનું શરૂ કરી દીધું છે તો કેટલાક દેશોમાં ચીનના ઉત્પાદનોનો બહિષ્કાર કરવા પ્રદર્શનો યોજી પ્રજાને જાગૃત કરવામાં આવી રહી છે. ભારત સરકારે ચીનની ૫૯ એપ પર પાબંધી કરી દીધી તો એક કંપનીએ ચીની કંપની સાથેનો ૩૦૦૦ કરોડનો સોદો રદ કર્યો, ભારતે ઈલેકટ્રિકલ માલસામાન માટેના કેન્દ્રો રદ કર્યા, રેલવેએ કેમેરા ફીટ કરવાનું કરારો રદ કર્યો, બી એસ એન એલ એ ચીન સાથેના ૪-જી કરાર રદ કર્યા તો ભારતના લોકોએ ચીની ઉત્પાદનોની ખરીદી બંધ કરી દીધી. ન્યુયોર્કમાં ભારતીય મૂળના લોકો સાથે તાઈવાન અને તિબેટના અમેરિકન નાગરિકોએ ચીની ઉત્પાદનોનો બહિષ્કાર કરવા પ્રદર્શનો યોજયા.ઓસ્ટ્રેલીયાએ ચીની ખરીદી બંધ કરી દીધી જેના કારણે ચીનને આર્થિક ફટકો પડવાની શરૂઆત થઈ ગઈ છે.... પરંતુ ભારતનો ચીન ઉત્પાદનોનો બહિષ્કાર ચીની આયાતની તુલનાએ બહુ જ ઓછો છે.....નહીંવત છે....આમ લોકોનુ કહેવુ છે કે ભારતે ચાઈના બેન્ક પર પાબંદી ફરમાવી દેવાની જરૂર છે. તો ચીનના ભારતમાના નાના મોટા કોઈ પણ રોકાણો કે પ્રોજેકટો ઉપર પાબંધી ફરમાવી દેવી જોઈએ...જેમાં કોઈ પણ નાના મોટા સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ,રોડ પ્રોજેકટો પર પાબંધી કરવા સાથે ચીની ઉત્પાદનોની આયાત રોકી દેવી જોઈએ. ચીનની ભારતમાની અગત્યની એપ પી ટીએમ (ફુઅ્‌સ)છે જેનો પ્રચાર ખુદ વડાપ્રધાન મોદીજી કરે છે. તો આવી એપ પર તેમજ વિવિધ પ્રોજેક્ટો પર પ્રતિબંધ કેમ નહીં....? મહારાષ્ટ્ર સરકારે ચીની પ્રોજેક્ટ પર પાબંદી ફરમાવી દીધી છે... ત્યારે ગુજરાત સરકારે ચીની ટેબલેટ મંગાવ્યા અને પણ તે પણ વિદ્યાર્થીઓને આપવા...આ બાબતે વિદ્યાર્થી જગતમાં કેવો સંદેશ જશે....? તો કચ્છમાં ચીનની ભાગીદારીમાં સ્ટીલ ફેકટરી ઉભી થનાર છે તેના પર પાબંધી કેમ નહીં....? તેવા પ્રશ્નો રાજકીય પંડિતો, શિક્ષિત વર્ગ, બુદ્‌ધજીવીઓ સહિત જાગૃત નાગરિકો કરી રહ્યા છે..... ત્યારે હવે કેન્દ્ર સરકારે અને જે તે રાજ્યની સરકારોએ ચીની ઉત્પાદનોના બહિષ્કાર કરવા સાથે ચીની કંપનીઓના ભાગીદારીવાળા એક પણ પ્રોજેક્ટ ભારતમાં સ્થાપના ન થાય તેમજ ઊભા ન થાય તે માટે એક્શનમાં આવવું પડશે..... કારણ કે ભારતે વિશ્વ ગુરુ બનવાનું છે બાકી ચીની ઉત્પાદનોથી વિશ્વગુરુ નહીં બની શકાય.... પણ ભારત ગુલામીના રસ્તે જવા લાગશે... તેવું બનવાની શકયતા વધી પડી શકે.......!?!

વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૮/૦૭/૨૦૨૦, બુધવાર, અષાઢ વદ-૩

સૂર્યોદય-૬-૧૦, સૂર્યાસ્ત-૭-૩૪, જૈન નવકારશી-૭-૫૮,

આજની રાશિ : કુંભ (ગ.સ.), નક્ષત્રઃ ઘનિષ્ઠા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૬-૧૦થી લાભ-અમૃત-૯-૩૧ સુધી, ૧૧-૧૨ થી શુભ-૧૨-૫૨ સુધી, ૧૬-૧૩ થી ચલ-લાભ-૧૯-૩૪ સુધી, ૨૦-૫૩ થી શુભ-અમૃત-ચલ-૨૪-૫૨ સુધી

**- શુભ હોરા-**

૬-૧૦થી ૮-૨૪ સુધી, ૯-૩૧ થી ૧૦-૩૮ સુધી, ૧૨-૫૨ થી ૧૬-૧૩ સુધી, ૧૭-૨૦થી ૧૮-૨૭ સુધી

### લદ્દાખમાં મોદીના મિશનથી ચીન ભયભીત

# લેહ એરપોર્ટનું આધુનિકીકરણ થશે: લદ્દાખમાં નવા રસ્તાઓનું નિર્માણ શરુ



ન્યુ દિલ્હી,તા.૭

લદ્દાખમાં વડાપ્રધાન મોદીના મિશનથી ચીન ડરી ગયું છે. મોદી સરકારે જે રીતે લદ્દાખના વિકાસનું બિડું ઝડપ્યું છે તેને લઈ ચીન ભારે ચિંતામાં આવી ગયું છે. જ્યાં સુધી લદ્દાખમાં એલએસી પાસે બેઝિક સ્ટ્રક્ચર વિકસિત નહોતું ત્યાં સુધી ચીનને એલએસી ખાતે પોતાની મરજી પ્રમાણે વર્તન કરવામાં સરળતા રહેતી હતી પરંતુ હવે મોદી સરકાર લદ્દાખમાં રસ્તા અને પુલથી લઈને એરપોર્ટ પણ વિકસિત કરી રહી છે. આ રીતે ચીનની તમામ ચાલ નિષ્ફળ બનાવાઈ રહી છે.

ચીન જાણે જ છે અને સમજી પણ ગયું છે કે લદ્દાખનો વિકાસ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સપનું છે અને હવે આ વિકાસના કારણે ચીન પરેશાન છે. સરહદી વિસ્તારમાં બની રહેલા રસ્તાઓ અને પુલ જ નહીં પરંતુ લદ્દાખનો સંપૂર્ણ વિકાસ ચીન માટે ચિંતાનું કારણ છે. આ તરફ મોદી સરકારે લદ્દાખના વિકાસ માટે એક વિસ્તૃત પ્લાન તૈયાર કરી રાખ્યો છે.

લદ્દાખમાં નવા રસ્તાઓ બની રહ્યા છે અને પર્યટનને પ્રોત્સાહન આપવા અનેક યોજનાઓ ચાલુ છે. લેહ એરપોર્ટનું આધુનિકીકરણ વડાપ્રધાન મોદીના આ જ વિકાસ પ્લાનનો હિસ્સો છે. કુશક બાકુલા રિમ્પૌ એ સમગ્ર દેશને લદ્દાખ સાથે જોડનારૂં એકમાત્ર એરપોર્ટ છે. આ એરપોર્ટ પર નવી ટર્મિનલ બિલ્ડિંગ બનાવાઈ રહી છે જે આધુનિકતાની સાથે લદ્દાખની કલા અને સંસ્કૃતિ પર આધારીત હશે. પોતાની સુંદરતાના કારણે લદ્દાખ સમગ્ર વિશ્વના પર્યટકોને પોતાની બાજુ ખેંચે છે અને દર વર્ષે અનેક હજાર પર્યટકો તેની મુલાકાત લે છે. આ કારણે જ લેહ એરપોર્ટને ખૂબ જ આધુનિક રીતે બનાવવાની યોજના છે.

લેહના નવા ટર્મિનલની ખાસીયતોઃ-

લેહનું નવું ટર્મિનલ ૧૮,૯૮૫ વર્ગ મીટરમાં ફેલાયેલું હશે અને એકસાથે ૮૦૦ મુસાફરોને સમાવી લેવાની ક્ષમતા ધરાવતું હશે. એરપોર્ટની નવી ઈમારતમાં ૧૮ ચેકઈન કાઉન્ટર, ૮ સેલ્ફ ચેકઈન કાઉન્ટરની સાથે જ ૧૫ લિફ્ટ અને ૧૧ સ્વચાલિત સીડીઓ બનાવાશે. આટલું જ નહીં ચીન જે બૌદ્ધ ધર્મની કલા અને સંસ્કૃતિને તિબેટ સહિત સમગ્ર વિશ્વમાંથી નષ્ટ કરવા પ્રયત્ન કરી રહ્યું છે તે જ કલા અને સંસ્કૃતિ વડે ભારતના લેહ એરપોર્ટની નવી ટર્મિનલ બિલ્ડિંગને વિશેષ ઓળખ મળશે.

નવા ટર્મિનલને પરંપરાગત સ્તૂપ અને હિમાલયની આકૃતિ જેવું બનાવવામાં આવશે. બૌદ્ધ ધર્મની કલા અને સંસ્કૃતિના ચિહ્નોને એરપોર્ટ પર વિશેષ સ્થાન આપવામાં આવશે. ટર્મિનલની છતોને લદ્દાખના ટેરેન અને લેન્ડસ્કેપ પહાડો જેવું સ્વરૂપ આપવામાં આવશે અને લદ્દાખના પ્રાર્થનાવાળા ઝંડાઓ પણ લગાવવામાં આવશે. તે સિવાય રિટેલ, ચેકઈન અને લોન્જ એરિયામાં મંડાલા લગાવવામાં આવશે જેને બૌદ્ધ ધર્મ પ્રમાણે બ્રહ્માંડનું પ્રતીક માનવામાં આવે છે. લેહ એરપોર્ટનું આ ટર્મિનલ ૪૮૦ કરોડ રૂપિયાના ખર્ચે આગામી વર્ષે બનીને તૈયાર થઈ જશે.

### રાહુલ ગાંધીનો સરકારને સવાલ

# આપણા ૨૦ જવાનોની હત્યાને કેવી રીતે યોગ્ય ગણાવી રહ્યુ છે ચીન?

ન્યુ દિલ્હી,તા.૭

ચીન સાથે ભારતના ટકરાવ બાદ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી સતત મોદી સરકાર સામે સવાલ ઉઠાવી રહ્યા છે.

અન્ય વિપક્ષો જ્યારે આ મુદ્દે કશું બોલવાનુ ટાળી રહ્યા છે ત્યારે રાહુલ ગાંધી રોજ મોદી સરકાર પર સોશ્યલ મીડિયા થકી નિશાન સાધી રહ્યા છે.એક તરફ ચીને ગલવાનમાંથી પીછેહઠ કરી છે ત્યારે રાહુલ ગાંધીએ ફરી ટ્વિટ કરીને મોદી સરકારને ત્રણ સવાલ પૂછ્યા છે.

રાહુલ ગાંધીએ નેશનલ સિક્યુરિટી એડવાઈઝર અજિત દોવાલ અને ચીનના વિદેશ મંત્રી વાંગ ચી સાથે થયેલી વાતચીત અંગે કહ્યુ છે કે, રાષ્ટ્રિય હિત સર્વોપરી છે અને ભારત સરકાર ભારતના હિતની રક્ષા કરે તે તેની ફરજ છે.એટલે પહેલો સવાલ એ છે કે, એપ્રિલ પહેલાની સ્થિતિ પર બંને દેશની સેના પહોંચે તે માટે કેમ ભાર મુકવામાં નથી આવ્યો. બીજો સવાલ એ છે કે, ભારતીય સેનાના ૨૦ જવાનોની ચીને કરેલી હત્યાને યોગ્ય કેમ ગણવામાં આવી રહી છે અને ત્રીજો સવાલ કે ગલવાન ઘાટીનો વિસ્તાર ભારતનો છે તે વાતનો ઉલ્લેખ કેમ કરવામાં આવ્યો નથી.

રાહુલે પોતાના ટ્વિટની સાથે ભારત અને ચીનના બયાનને પણ શેર કરવામાં આવ્યા છે.ચાર જુલાઈએ પણ રાહુલે મોદી સરકાર પર નિશાન સાધીને કહ્યુ હતુ કે, દેશભક્ત લદ્દાખી નાગરિકો ચીનની ઘૂસણખોરી સામે અવાજ ઉઠાવી રહ્યા છે અને સરકારને કહી રહ્યા છે કે, અમારો અવાજ સાંભળો.

### શંકા હેઠળ રહેલા ચૌબેપુર પો.સ્ટેશનનાં ૧૦ કોન્સ્ટેબલોની બદલી

# ગેંગસ્ટર વિકાસ દુબેની સાથે ૨૦૦ પોલીસ કર્મીઓનુ કનેક્શન બહાર આવ્યુ

કાનપુર,તા.૭

દેશભરમાં રાતોરાત ચર્ચામાં આવી ગયેલા યુપીના ગેંગસ્ટર વિકાસ દુબે સાથે એક બે નહી પણ ૨૦૦ જેટલા પોલીસ કર્મીઓના તાર જોડાયેલા હોવાની શંકાના આધારે પોલીસે તપાસ શરુ કરી છે.વિકાસ દુબેને પકડવા ગયેલી પોલીસની ટીમ પર દુબે અને તેના સાગરિતોએ કરેલા હુમલામાં આઠ પોલીસ કર્મીઓ શહીદ થયા બાદ હજી સુધી આ ગેંગસ્ટર પોલીસની પકડમાં આવ્યો નથી. દરમિયાન પોલીસે શરુ કરેલી તપાસમાં વિકાસ દુબેના પોલીસ ખાતાની અંદરના જ મદદગારોની સંખ્યા વધી રહી છે. ચૌબેપુર પોલીસ સ્ટેશનથી ૧૦ પોલીસકર્મીઓની બદલી કરાઈ છે. આઈજીપી કાનપુરનાં જણાવ્યા અનુસાર, કાનપુર એક્રાઉન્ટરનાં કેસમાં તમામ ૧૦ કોન્સ્ટેબલોની તપાસ ચાલી રહી છે.

મળતી વિગતો પ્રમાણે કુલ ૨૦૦ પોલીસ કર્મીઓ શંકા ઘેરામાં છે. જેમણે વિકાસ દુબેને ભૂતકાળમાં મદદ કરી હતી અથવા તો તેમની પાસથી કોઈને કોઈ ફાયદો લીધો હતો. આમાંના મોટાભાગના વિકાસ દુબેના ચૌબેપુર ગામના પોલીસ મથકમાં પણ ફરજ બજાવી ચુક્યા છે.પોલીસ કર્મીઓના મોબાઈલ કોલની ડીટેઈલ ચેક કરવામાં આવી રહી છે.આ મામલામાં એક અધિકારી કે કે શર્મા સસ્પેન્ડ થઈ ચુક્યો છે. તેણે પોલીસને કહ્યુ હતુ કે, મને વિકાસે ધમકી આપી હતી કે, હજી પણ સમજી જજો નહીતર લાશો પડશે. હું દુબેની ધમકીથી ગભરાઈને એક્રાઉન્ટર કરવા ગયેલી ટીમમાં સામેલ થયો નહોતો.

એવુ કહેવાય છે કે, આસપાસના ગામડાઓમાં કોઈ પણ વિવાદની તપાસ કરવા માટે પોલીસને દુબેની મદદ લેવી પડતી હતી. મોટાભાગના મામલા દુબે પોતાના ઘરે પોલીસને બોલાવીને સોલ્વ કરાવી લેતો હતો.

દુબેની તપાસ માટે પોલીસે ૪૦ ટીમો બનાવી છે અને નેપાળ સુધી તપાસ થઈ રહી છે. વિકાસ અને તેના ભાઈ પર હજી કેટલાક કેસ પોલીસ નોંધશે.

અત્યાર સુધી જે લોકો તેના ખૌફથી સામે નહોતા આવતા તે હવે સામે આવી રહ્યા છે. વિકાસ દુબે જમીન પચાવી પાડવાના અને ધમકી આપવાના ઘણા મામલામાં પણ સંડોવાયેલો છે.

# પીઓકેમાં ગેરકાયદે ડેમના વિરોધમાં લોકોએ પાક-ચીન વિરુદ્ધ પ્રદર્શન કર્યું

મુઝફ્ફરાબાદ,તા.૭

ચીન વિરૂદ્ધ દુનિયાના અલગ-અલગ ભાગોમાં અવાજ ઉઠી રહ્યો છે. પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં સોમવારે સેંકડો લોકોએ ચીન વિરૂદ્ધ પ્રદર્શન કર્યુ અને પાકિસ્તાની સરકાર પર તેમની સાથે મિલીભગત કરવાનો આરોપ લગાવ્યો છે. અહીં મુઝફ્ફરાબાદમાં લોકો ચીન અને પાકિસ્તાન દ્વારા મળીને બનાવવામાં આવી પહેલા એક ડેમ પ્રોજેક્ટનો વિરોધ કરી રહ્યા છે.

મુઝફ્ફરાબાદમાં ઝેલમ અને નીલમ નદીની પાસે પાકિસ્તાની સરકાર ચીનની મદદથી એક ડેમ બનાવી રહી છે પરંતુ મુઝફ્ફરાબાદના નિવાસીઓનુ કહેવુ છે કે આ વિશે તેમને કોઈ જાણકારી નથી, ના તેમને પૂછવામાં આવ્યુ છે. પીઓકેના નિવાસીઓએ આરોપ લગાવ્યો કે પાકિસ્તાની સરકારે માત્ર પૈસા માટે ચીનની સાથે આ ડેમ બનાવવાની ડીલ કરી છે. જેમાં પીઓકેના લોકોને કોઈ ફાયદો નથી અને ના તેમની સલાહ લેવામાં આવી છે.

આવુ પહેલી વાર નથી કે પીઓકે માં પાકિસ્તાન અને ચીન વિરૂદ્ધ અવાજ ઉઠી હોય. અગાઉ પણ પીઓકે ના લોકો ચીન દ્વારા બનાવવામાં આવી રહેલા વન બેલ્ટ વન રોડ પ્રોજેક્ટનો વિરોધ કરતા આવ્યા છે.

કોરોના સંકટ બાદ ચીન જે રીતે દુનિયામાં અલગ પડ્યુ છે અને તે બાદ ભારત સાથેના સંઘર્ષે કેટલાક મોટા દેશોને તેના વિરૂદ્ધ કરી દીધા છે. તેનાથી પાકિસ્તાનમાં હલચલ મચી છે. પાકિસ્તાનના વિદેશ વિભાગે વડાપ્રધાન ઈમરાન ખાનનો એક રિપોર્ટ સોંપ્યો છે. જેમાં પાકિસ્તાનની ચીન નીતિ પર વિચાર કરવાનુ કહ્યુ છે.

# પુલવામામાં સેના-આતંકી વચ્ચે અથડામણઃ ૨ જવાન ઘાયલ, ૧ આતંકી ઠાર

પુલવામા,તા.૭

જમ્મુ કાશ્મીરના પુલવામા ખાતે આવેલા ગુસૂમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. આ અથડામણમાં એક પોલીસ કર્મચારી અને સેનાનો એક જવાન ઘાયલ થયા છે. એક અહેવાલ પ્રમાણે પોલીસ અને આર્મીની ૫૩ રાષ્ટ્રીય રાઈફલની ટીમ દ્વારા ગુસૂમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. ઓપરેશન દરમિયાન સમગ્ર વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો હતો અને સુરક્ષા દળોએ એક આતંકવાદીને ઠાર માર્યો હતો.

પોલીસ અને આર્મીના જવાનોએ તે વિસ્તારને ઘેર્યો તે સાથે જ આતંકવાદીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને તેમણે ગોળીબાર શરૂ કરી દીધો હતો. જો કે જોઈન્ટ ટીમ દ્વારા આતંકવાદીઓના ગોળીબારનો જડબાતોડ જવાબ આપવામાં આવ્યો હતો અને ત્યાર બાદ અથડામણ શરૂ થઈ હતી.

### ચીની એપ પર પ્રતિબંધ લગાવવા પર વિચારણાઃ પોમ્પિયો

# અમેરિકા પણ ટિકટોક સહિત ચાઈનીઝ એપ્સ પર રોક લગાવવાની તૈયારીમાં



વોશિંગ્ટન,તા.૭

જેનું અનુમાન હતુ એ જ થઈ રહ્યું છે. ભારતે ચીનની ૫૯ એપ્સ પર પ્રતિબંધ મુક્યો હતો તો હવે ડ્રેગને આ તમાચો વધારે જોરથી પડવા જઇ રહ્યો છે. અમેરિકા પણ હવે ટિકટોક સહિત ચીની મોબાઈલ એપ્સ પર પ્રતિબંધ લગાવવાને લઈને ગંભીરતાપૂર્વક વિચાર કરી રહ્યું છે. અમેરિકાનાં વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ સોમવાર મોડી રાત્રે આ સંબંધિત જાહેરાત કરી. તેમણે કહ્યું કે, અમે નિશ્ચિત રીતે ચીની એપ પર પ્રતિબંધ લગાવવા પર વિચાર કરી રહ્યા છીએ. બીજી તરફ ઑસ્ટ્રેલિયામાં પણ ચીની એપ પર પ્રતિબંધ લગાવવાની માંગ વધી રહી છે.ભારતમાં ટિકટોક બેન થતા ચીની કંપનીને લગભગ ૬ અબજ ડૉલરનું નુકસાન થયું છે. આ પહેલા ગત દિવસોમાં ભારત સરકારે ટિકટોક સહિત ૫૯ ચાઈનીઝ એપ્લિકેશન પર પ્રતિબંધ મુકી દીધો હતો. ત્યારબાદ ચાઈનીઝ કંપનીઓ તરફથી સરકારને અપીલ કરવામાં આવી રહી છે કે તે ભારતીય યૂઝર્સનો ડેટા ચાઈનીઝ સરકાર સાથે શેર નહોતી કરી રહી. ટિકટોકનાં સીઈઓ કેવિન માયરે ભારત સરકારને ચિઠ્ઠી લખીને કહ્યું કે ચાઈનીઝ સરકારે ક્યારેય પણ યૂઝર્સનાં ડેટાની માંગ નથી કરી.આશ્ચર્યની વાત એ છે કે ટિકટોકને ભલે ભારતમાં અત્યારે બેન કરી દેવામાં આવ્યું હોય, પરંતુ ચીનમાં આ પહેલાથી જ પ્રતિબંધિત છે. જો કે આ એપ જે કંપનીની છે તે ચાઈનીઝ છે. ભારત સરકાર દ્વારા પ્રતિબંધ લગાવવામાં આવ્યા બાદ તેણે બેઈજિંગથી અંતર બનાવી લીધું છે. કંપની સતત સ્પષ્ટતા આપી રહી છે કે ભારતીય યૂઝર્સનો ડેટા સિંગાપુરનાં સર્વરમાં સેવ થઈ રહ્યો છે અને ચીનની સરકારે ના તો ડેટાની માંગ કરી છે અને ના કંપની આ રિક્વેસ્ટને ક્યારેય પૂર્ણ કરશે.

# બે મહિનામાં દેશમાં સાયબર હુમલાની ઘટનાઓમાં ૨૦૦ ટકાનો વધારો

ન્યુ દિલ્હી,તા.૭

કોરોનાની મહામારી અને લોકડાઉનના સંકટકાળમાં હેકર્સ-લેભાગુ તત્વો સક્રિય થયા છે અને કંપનીઓ-વ્યક્તિઓને પોતાનો શિકાર બનાવી રહ્યા છે. પ્રધાનમંત્રી કાર્યાલયના મુખ્ય માહિતી સુરક્ષા અધિકારી ગુલશન રાયે જણાવ્યુ કે વિતેલા બે મહિના દરમિયાન દેશમાં સાયબર હુમલાઓની ઘટનાઓમાં ૨૦૦ ટકાનો વધારો થયો છે પરંતુ આ માટે ચીનને જવાબદાર ગણાવી શકાય એવા કોઈ સબૂત મળ્યા નથી.તેમણે જણાવ્યું કે કોવિડ-૧૯ મહામારીના લીધે ઘરેથી કામ કરવા માટે સર્વિસ સેક્ટરમાં થયેલા



ફેરફારના કારણે પણ આ ઘટનાઓ વધી છે, કારણ કે લોકો લોકો બિન-વિશ્વાસપાત્ર અપ્લિકેશન ડાઉનલોડ કરે છે, જેમાં સેફટી ફિચર્સનો વ્યાપક અભાવ હોય છે. ભારત અને ચીન વચ્ચેના સંબંધો વિતેલા દિવસોમાં ઘણા તણાવપૂર્ણ રહ્યા છે અને ગલવાન ઘાટીમાં હિંસલ અથડામણથી ૨૦ ભારતીય સૈનિકો શહીદ થયા હતા. ત્યારબાદ ભારતે સુરક્ષાના કારણોસર ચીનની ૫૯ એપ ઉપર પ્રતિબંધ મૂક્યો લીધો છે.

અધિકારીએ જણાવ્યું કે, એ વાત સાચી છે કે વિતેલા બે મહિનાઓ દરમિયાન સાયબર એટેક, જેવી કે હેકિંગ સિસ્ટમની ઘટનાઓ ઘણી વધી ગઇ છે. જો કે એ વાતના કોઈ સબૂત નથી કે ભારત અને ચીન વચ્ચેના તણાવના લીધે આ સાયબર એટેક થયા છે. વિશેષ એજન્સીઓ સ્થિતિનું મોનેટરિંગ કરી રહી છે અને હુમલાઓને પણ રોકી રહી છે. તેમણે કહ્યુ કે, ફિશિંગ, સર્વિસ સંબંધિત બાબતો અને રેનસમવેરની મોટી ઘટનાઓ સામે આવી છે. આવી ઘટનાઓ માત્ર પ્રવર્તમાન તણાવના લીધે નથી વધ્યા, આ સાયબર હુમલાઓ જાન્યુઆરી અને ફેબ્રુઆરીથી ઘરેથી વર્ક ફ્રોમ હોમના લીધે વધ્યા છે.અધિકારીએ જણાવ્યુ કે, પીએમઓ ઓફિસમાં સામાન્ય રીતે આવશ્યક પલાઓ લેવાય છે. લોકોને સુચના અપાઇ છે કે તેઓ જે પણ ડાઉનલોડ કરે, તેના વિશે ઘણી સાવધાની રાખે અને સત્તાવાર એપ્લિકેશનનો જ ઉપયોગ કરે. ચાઈનીઝ પ્રોડક્ટ્સ પર નિર્ભરતા અગે પૂછતા તેમણે કહ્યુ કે, ચીન મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે સમગ્ર દુનિયામાં અગ્રણી છે અને દરેક વ્યક્તિ જાણે છે કે જે ત્યાંથી સામાન ખરીદે છે તે અસુરક્ષિત છે.

# આઠ દિવસની રાહત બાદ ફરી એકવાર ડિઝલના ભાવમાં ૨૫ પૈસાનો વધારો

ન્યુ દિલ્હી,તા.૭

દેશમાં સતત વધી રહેલા પેટ્રોલ-ડીઝલના ભાવથી સામાન્ય લોકોને આઠ દિવસ થોડી રાહત મળી હતી. આ સાથે જ મંગળવારે સરકારી તેલ કંપનીઓએ ડીઝલના ભાવમાં ૨૫ પૈસાનો વધારો કર્યો છે. રાજધાની દિલ્હીમાં એક લિટર પેટ્રોલની કિંમત ૮૦.૪૩ રૂપિયા છે. ત્યારે, લિટર ડીઝલની કિંમત ૮૦.૭૮ રૂપિયા છે. અગાઉ, જૂન મહિનામાં પેટ્રોલ અને ડીઝલની કિંમતો સતત ૨૧ દિવસ વધી હતી. ગુજરાતમાં ડીઝલનો ભાવ અમદાવાદમાં ૭૮.૦૭ રૂપિયા પ્રતિ લિટર થયો છે.

નિષ્ણાંતોનું કહેવું છે કે છેલ્લા કેટલાક દિવસોમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થયો છે. જેની અસર સ્થાનિક બજારમાં ઈંધણના ભાવ ઉપર જોવા મળી રહી છે. ગ્લોબલી ઈઝરાયલ અને ઈરાન વચ્ચે તણાવ વધવાની સંભાવના છે. હકીકતમાં, આંતરરાષ્ટ્રીય મીડિયામાં એવા અહેવાલો છે કે ઈઝરાયલે એક વિશાળ સાયબર હુમલો કર્યો હતો અને ઈરાનના પરમાણુ ઠેકાણાઓ પર બે વિસ્ફોટ કર્યા હતા. આ સમાચારની અસર ક્રૂડ ઓઈલના ભાવ પર થવાની સંભાવના છે. શક્ય છે કે આગામી દિવસોમાં ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થશે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ..
## આયોજક : પ્રદીપ રાવલ....ગ્રુપ સંચાલક : જીજ્ઞા કપુરિયા

વિભાગ : પદ્ય
NG No.0033
શીર્ષક : ચહેરો
કેટલી પણ ગરમી કેમ ના હોય આજકાલ.
મારી આંખોને ઠંડક અપાવે છે તારો ચહેરો.
તને જોઉં છું તો મારા મુખમાંથી શબ્દો નથી નીકળતા.
આ લાઉડ સ્પીકર ને મૂંગો બનાવે છે તારો ચહેરો.
જ્યારથી જોઈ છે તને દિલ હવે કાબૂમાં નથી.
મારા દિલને તારી મરજીથી નચાવે છે તારો ચહેરો.
ખુલ્લી આંખોથી કંઈ દેખાતું નથી, તારા ચહેરા સિવાય.
આંખો બંધ કરું સપના દેખાડે છે તારો ચહેરો.
દુનિયામાં કંઈ કેટલા ચહેરા છે, બધા આંખોમાં સમાતા નથી.
અને મને આખી દુનિયા બતાવે છે તારો ચહેરો.
ટેલર કૃણાલ શાંતિલાલસુરત

---

ન્યૂઝ ઓફ ગાંધીનગર
NG NO 0067
વિભાગ : ગદ્ય
શિર્ષક : તમારો ચહેરો

કહેવાય છે કે સુંદર ચહેરો એ ઈશ્વરની ભલામણ ચિઠ્ઠી છે.

અને ચહેરો સુંદર બને છે મૈત્રીપૂર્ણ હાસ્યથી. એ ના ભૂલશો કે તમારો ચહેરો એ તમારા કરતા બીજાઓ જ વધારે જોવે છે. અને મૈત્રી અને હાસ્ય વગરનો કદરૂપો ચહેરો સતત જોવો પડે એ કેટલું દુઃખદ કહેવાય?? ચહેરાની સુંદરતા એના દેખાવ કરતા વધારે એમાં રહેલા સ્મિતમાં છે. ચહેરાનો શૃંગાર એ આંખમાં રહેલું તેજ અને સ્મિત માં રહેલો મૈત્રીભાવ છે. બાહ્ય ટાપટીપથી ચહેરો ગમે તેટલો સુંદર બને પણ સ્મિત વગર તે કદરૂપો જ લાગશે.

સદા ખુશ રહેવા માટે લોકોની ટીકાઓ અને બીજી ચિંતાઓને દૂર હડસેલી દો. આ બધી વાતોને તમારા સુખ સાથે કોઈ લેવાદેવા નથી. મનુષ્ય માત્ર ભૂલને પાત્ર. માટે આપણાથી પણ ક્યારેક કોઈ ભૂલ થઈ જાય તો એ ઉદાસીને પણ ખંખેરી નાખો. તમારામાં જે સારું છે તેને પૂર્ણ રીતે પ્રગટ થવા દો મને તમારા ચહેરા પર હાસ્યને ખીલવા દો. અને એની સાથે જ તમારી આજુબાજુનુ વાતાવરણ પણ ખુશખુશાલ થઈ જશે.

પલ શાહ..ગાંધીનગર

---

વિભાગ-ગદ્ય
NG No.-0072
શીર્ષક :ચહેરો

કોઇના ચેહરાનું સ્મિત દિલમાં છપાઇ જાય કે પછી કોઇનો ગુસ્સો દિલમાં ઘર કરી જાય.

આ ચેહરા એ જીવનમાં કેટ કેટલા ભાગ ભજવ્યા છે.દિલની વાતોનો અરીસો પણ એ છે અને વાતો ને છુપાવાનું માધ્યમ પણ એ જ. પરંતુ દરેકનો નજરીયો કેવો જુદો જુદો છે ને,

કોઇ આ ચેહરાંનુ નુર જોવે છે તો કોઇ કરચલીઓ

પણ શું આ ચહેરો શાસ્વત છે?

આ છબી જે તમને અરીસામાં દેખાય છે તે કાયમ માટે તો તેવી નહિ જ રહે. સમયાંતરે કા તો જીવનના અમુક પડાવો પસાર કર્યા બાદ અલગ જ લાગશે. પણ શુ આ સદંતર બદલાતા સમયમાં તમે બદલાયા છો? નહિ ને તો પછી તમારો પોતાને જોવાનો નજરીયો કેમ બદલાઇ ગયો?

કેમ આપણે જેમ છીએ એ અવસ્થાને પસંદ નથી કરતા ?

તેમા બદલાવ લાવવાનો પ્રયાસ કરીએ છીએ અને શું આવુ કરવાથી ભગવાને આપેલ ભેટંનુ અનાદર નહિ થાય?

તો આ ચેહરા ને જેમ છે એમ જ સ્વીકાર કરીએ.

આ મૌલિક રૂપ કેટલુ સહજ અને સુંદર છે , દુનિયા કરતા ન્યારુ છે અને તેથીય વિશેષ ફક્ત મારુ જ છે.

શિવાંગી પટેલ અમદાવાદ

---

: NG NO: 39
શીર્ષક — ચહેરો
પ્રકાર — લેખ
ચહેરો

ચહેરો ઘણું બધું બોલતો હોય છે.એની ભાષા વાંચતા આવડવી જોઈએ.વ્યક્તિનો ચહેરો જોઈને સમજી જવાય છે કે એ શું કહેવા માંગે છે.

ક્યારેક મનમાં હોય એ ચહેરા ઉપર ના દેખાય એવું પણ બને.આનંદ, ઉદાસી, ગુસ્સો , દુઃખ જેવી લાગણીઓ ઘણા છુપાવી શકતા નથી અને ચહેરા ઉપર સ્પષ્ટ તરી આવે છે.વ્યક્તિ ટેંશનમાં હોય ત્યારે એના ચહેરાની રેખાઓ તંગ બની જાય છે.એના ચહેરા પરનું હાસ્ય એના હર્ષને છતો કરે છે.દુ:ખી હોય તો એની આંખો ઉપરથી દેખાઈ આવે છે.એની જોવાની રીત પરથી એનો ગુસ્સો અનુભવી શકાય છે.

પણ કહેવાય છે કે વ્યક્તિ એક ચહેરા પાછળ અનેક ચહેરા છુપાવતી હોય છે.અમુક લાગણીઓ એ ભીતરમાં જ દબાવીને ચહેરા પર જુદા ભાવ રાખે છે જેથી કોઈ એના મનની વાત જાણી ના જાય.ઘણી વાર સ્વાર્થી વ્યક્તિ ચહેરા પર ખૂબ પરગજુ અને માયાળુ હોય એવા ભાવ બતાવે છે જેથી સામી વ્યક્તિ એની સ્વાર્થી વૃત્તિથી છેતરાઈ જાય છે.

હસતો ચહેરો સહુને ગમે છે.હાસ્ય વ્યક્તિને પોઝટિવ ઉર્જા આપે છે અને સામી વ્યક્તિને હળવી બનાવી દે છે.

હાસ્ય જીવન સારી રીતે જીવવાની જડીબુટ્ટી છે.કોઈનો હસતો ચહેરો જોઈએ તો આખો દિવસ આનંદમય બની રહે છે.

હાસ્ય એ માનવને પ્રભુએ આપેલી અણમોલ ભેટ છે.એ વ્યક્તિને રિચાર્જ કરે છે.ગુસ્સાવાળો ચહેરો વ્યક્તિને સંબંધોથી દૂર રાખે છે.

આમ ચહેરો આપણાં મનનો અરીસો છે તો ક્યારેક મુખોટો.

પ્રફુલ્લા"પ્રસન્ના અમદાવાદ

---

વિભાગ. ગદ્ય
Ng. No. 55
શીર્ષક : ચહેરો.

આજે ફરી તે ચહેરો અરીસામાં જોઈ લીધો.

શું વાંધો હતો?? કંઈ જ તો નહી..ભગવાનનો બનાવેલ, સુંદર..અતિ સુંદરપઆ ચહેરા પર માં કાજલનો ટીકો લગાવતી,બુરી નજરથી બચવા માટેપ પપ્પાની દુનિયા જ જાણે આ ચહેરો હતોપછતાં દુનિયા? દુનિયા તેના ચહેરાને ધિક્કારી રહી હતી ,બાળકો તેને વિસ્મયથી જોતા હતાપ

તેણે હવે તેના જ ચહેરાને પૂછ્યું, " શું કિન્નર હોવું અપરાધ છે????"

તેના ચહેરાની આંખો વરસી રહી હતીપ..જાણે પૂછી રહી હતી," સમાજ ,પહેલા તારો ચહેરો તો જો..?"

શ્રદ્ધા ભટ્ટ વાપી

---

: વિભાગ : પદ્ય
શીર્ષક : ચહેરો
NG NO. :0034

વહી રહી છે જિંદગી એમાં આવે અવસ્થાઓ ઘણી,
શૈશવ, યૌવન, પ્રૌઢ ને વૃદ્ધ એવાં પડાવોમાં સરકતી
દરેક પડાવે બદલાતી આ રોનક સુંદર ચહેરા તણી
માસુમિયત ને નિર્દોષતાથી છલકતું શૈશવનું મુખ
ના કોઈ છળ-કપટ ના શૈતાની,ના કોઈ જાતનું દુઃખ
મોહી લે મન,એ માસુમ ચહેરામાં સમાયા ઘણાં સુખ
આવે યુવાની ને લાવે મદમસ્ત યૌવન છલકતું
ના સાંભળે કોઈનું કરે બસ પોતાનું મનમાનતું
સપનાંઓથી ભરપૂર ઈન્દ્રધનુષી રંગોમાં તરતું
ઠરેલ ને ગંભીર રંગ દેખાય પ્રૌઢાવસ્થામાં
કંઈક વિત્યું આ સમયની સરકતી નૈયામાં
જવાબદારીઓ અનેક એ મૂર્ધન્ય ચહેરામાં
રંગ,રુપ ને યૌવન સર્વે વૃદ્ધાવસ્થા જાય તાણી
પડી જાય કરચલીઓ હવે ચહેરા પર ઘણી
ભાંગે તન ને તૂટે મન , છે હાલત એવી ભૂંડી
તેથી જ કહે છેપપ.
ન કરવું ગુમાન કદી ચહેરાની સુંદરતા તણું
આજ છે રુપાળું કાલ થાય એ જ કદરુપું
મનની સુંદરતા એ જ રુપ ચહેરાનું સાચું !!

ડો. રેખા શાહ

---

ન્યૂઝ ઓફ ગાંધીનગર
NG-0014
વિભાગ-પદ્ય (અછંદાસ ગઝલ)
શબ્દ-ચહેરો
શીર્ષક:- ચહેરો ઢાંકી ફરવું પડે છે.

જવું છે ઘણે દૂર પણ આટલેકમાં અટકવવું પડે છે,
કહેવું છે દિલ-એ-હાલ પણ દુનિયાથી ડરવું પડે છે.
છે કેટલાય નેક ચહેરા, હેવાનીયત છે પડદા પાછળ,
ગુનેગારોના પૈસા છૂપાવવા, નિર્દોષોને મરવું પડે છે.
જોયા છે ચહેરા આંસુઓ સાથે રંગ બદલાતા પ્રેમમાં,
હદ મૂકી મૂર્ખાઓને ખુદખુશીના ખ્યાલમાં ડૂબવું પડે છે.
શોધવા નીકળ્યો સુંદર ચહેરો જીવન ગાળવા સંગમાં,
સુંદર ચહેરો તનનું મળતા, મનનું સૌંદર્ય ભૂલવું પડે છે.
કેવી દશા? કેવી વિકટ પરિસ્થિતિ સર્જાઈ વિશ્વમાં?
ન કોઈ કુકર્મ કર્યા તોય ચહેરો ઢાંકી ફરવું પડે છે.

જયેશ બાબુભાઇ સંઘાર ભોજાય, માંડવી
૩ જુલાઈ

---

NG /0064
વિભાગ : ગદ્ય
વિષય : ચહેરો
શીર્ષક : ટ્રોફી

નીલ કમને નિયતિ સાથે તેના ઓફિસ ફંકશનમાં ગયો હતો. ત્યાં નિયતિ અને નીલને બેસ્ટ કપલનો એવોર્ડ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા. હાજર દરેક પત્ની પોતાના પતિને નીલ અને નિયતિનું ઉદાહરણ આપવાં લાગી. નિયતિ એમને સાંભળી રહી.

ઘરે આવી અરીસા સામે બેસી નિયતિ એ ચહેરા પર ઉભરાતાં ખુશીના ભાવનો મેકઅપ રૂપી પડદો હટાવ્યો તો અંદરથી લીલા ચકામાની ભરમાર ઉપસી આવી. નિયતિને ટેબલ પર પડેલી બેસ્ટ કપલની ટ્રોફી અરીસામાંથી દેખાય અને તેના ચહેરા પર ધૃણા પ્રસરી ગઈ. એકાએક શરીર પર લેધર બેલ્ટનો પછડાટ અનુભવાયો.

નેહા બગથરીયા જુનાગઢ

# એસટી નિગમ નાં એક નિર્ણયથી કામદારો અને સંગઠનમાં રોષ ભભૂકી રહ્યો છે

આ નિર્ણય મુજબ નિગમ ના મધ્યસ્થ કચેરીનાં વહીવટ દ્ધારા એવુ કહેવાયુ છે અત્યારે જ્યારે ૩૦ થી ૫૦ ટકા બસો જ ચાલે છે ત્યારે જે કર્મચારીઓએ ભૂતકાળમાં સ્ટાફ ઘટ હતી ત્યારે નિગમ ની શાખ જળવાઈ રહે અને સરળ સંચાલન ચાલે તે માટે ઉપલા અધિકારીના આદેશથી ડબલ ડ્યુટી કરી મહા મહેનતે વીકલી મળતી રજા (ઓફ) અને જાહેર રજા (પી એચ) જમા કર્યા હોય તેમને અત્યારે ફરજ આપવી નહી.. તેમની તેવી તમામ રજાઓ દિવસવાર ભરી પગાર આપવો અને સામે હાલના ઓછા બસ સંચાલનમાં જે સ્ટાફને ફરજ આપી નથી શકાઈ તેઓને ભારત સરકાર નાં નોટીફીકેશન મુજબ ફરજ પર હાજર ગણી પુરા મહિનાનો પગાર ચુકવવો...

આ અન્યાય ભર્યા નિર્ણય થી ભૂતકાળમાં જે કર્મીએ સંનિષ્ઠતા થી ફરજ નિભાવી છે તેઓના ઓફ/પીએચ ભરવા અને જે નથી આવ્યા તેમને એમને એમ હાજર ગણવાની નિતિ સામે હજારો કામદારોમાં રોષ છે...

ખરેખર તો આવા કામદારોને તેમના જમા ઓફ મુજબ વીકલી ઓવરટાઈમ મુજબ ગણતરી કરીને રોકડ ચુકવણુ કરવાનુ હોય ત્યા તેવું ના કરી આવા સમયે તેમને અન્યાય કરાઈ રહ્યો છે.

અહી...વાત એ છે કે જો જે કામદાર ફરજ પર હાજર નથી તેઓને હાજર ગણી પગાર અપાય તો પછી ઓફ/હોલીડે જમા હોય તેવા કામદારોને ઓફ ,હોલીડે ના બદલામાં કેમ પગાર ચુકવાય..? નિગમ નાં આ હજારો કામદારો એ ભૂતકાળમાં જે ફરજ નિભાવી છે તેને અત્યારની હાજરીમા ગણતરીએ લઇ પગાર અપાયો હોય તો જે લોકો ફરજ પર ના આવ્યા હોય તેમનો પગાર કાપવો જોઈએ...તે સ્વાભાવિક છે.અને જો તેમનો પગાર ના કપાતો હોય તો અન્ય કામદારોના ઓફ અને હોલિડે કાપવાની નિતી કેટલી યોગ્ય છે..?

આપશ્રી આ મુદ્દાને લઈ ન્યાય અપાવો તેવી નમ્ર વિનંતી છે.

...કાંતો તમામ ને હાજર ગણો...અથવા જે કામદારોનાં ઓફ અને હોલીડે જમા લઇ પગાર આપો તો જે કામદારો જેટલાં દિવસ નથી આવ્યા તેટલા દિવસોનો પગાર કાપી લો...અથવા જે કામદારોની લીવ રજા જમા પડી હોય તેઓની લીવ રજા ફરજ ઉપર ના આવ્યા હોય તેવા ગેરહાજર દિવસો માં ભરીને પગાર આપો.

અંતે...ભારત સરકારએ ગત ૨૯મી માર્ચે જાહેર કરેલ નોટિફીકેશનનાં મુદ્દા નં.૩ મુજબ જે કામદારો પાસે ફરજ લેવાઈ શકી નથી અથવા જે કામદારો ફરજ ઉપર આવી શક્યા નથી તેવા કોઈ કામદારનો પગાર કાપવો નહી તેવો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે.

# કાલાવાડમાં ૨૪ કલાકમાં ૧૫ ઈંચ વરસાદ પડતા રણજીત સાગર ડેમ છલકાયો



રાજકોટ,તા.૭

સૌરાષ્ટ્રમાં છેલ્લા બે દિવસમાં અનરાધાર વરસાદ વરસ્યો છે. આજે મંગળવારે સવારે ૬ વાગ્યા સુધીમાં રાજ્યનાં ૨૧૩ જિલ્લાઓમાં વરસાદ નોંધાયો છે. જેમા સૌથી વધુ જામનગરનાં કાલાવડમાં ૧૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. આ સાથે પડધરીમાં ૮ ઈંચ વરસાદ નોંધાયો છે.ધ્રોલમાં ૮ ઈંચ, જોડિયામાં ૬ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે કચ્છના ભચાઉમાં ૬ ઈંચ, જામનગરમાં ૫.૭૨ ઈંચ ખંભાળિયામાં ૫.૧૬ ઈંચ વરસાદ નોધાયો છે. લોધિકા અને રાજકોટમાં ૫ ઈંચ વરસાદ નોંધાયો છે. સતત વરસતા વરસાદને કારણે જામનગર જિલ્લાના મોટાભાગના ડેમો ઓવરફ્લો થયા છે.સૌરાષ્ટ્રમાં છેલ્લા બે દિવસથી પડી રહેલા ભારે વરસાદથી જળાશયોમાં પાણીની ધોધમાર આવક થઈ રહી છે. મોટાભાગનાં ડેમ ભરાઈ જતા દરવાજા ખોલવામાં આવતા હેઠવાસનાં ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. સૌરાષ્ટ્રનાં સિંચાઈ વિભાગ હેઠળનાં ૬૫થી વધુ જળાશયોમાં અર્ધાથી માંડીને ૨૨ ફૂટ સુધીની સપાટીમાં વધારો થયો છે. મળતી માહિતી પ્રમાણે, જામનગરમાં ઉંડ નદીના વહેણમાં બે યુવાનો તણાયા છે. ઉંડ ડેમના ૨૦ પાટિયા ખોલતા નદીમા ઘોડાપુર આવ્યા હતા. જેમાં જોડિયાના બે યુવાનો તણાતા હાહાકાર મચી ગયો હતો. જામનગરમાં શહેરને પીવાનું પાણી પૂરું પડતો રણજીત સાગર ડેમ ઓવરફ્લો થયો છે. રાજાશાહી વખતનો રણજીત સાગર ડેમ ઓવરફ્લો થતા રસ્તો બંધ થયો છે. જેના કારણે રાહદારીઓ અટવાયા છે. રાજકોટ જિલ્લામાં પડધરી પાસે આવેલા ન્યારી - ૨, આજી - ૩, જામનગર જિલ્લાનાં ફૂલઝર ૧, ફૂલઝર કોબા, ડાઈમીણસર, ઉંડ - ૨, પોરબંદર નજીક આવેલો સારલા, વંથલી પાસેનો ઓજત વિયર, બાંટવા ખારો, સાબલી અને ઓજત - ૨ ડેમમાં ગઈ રાત્રે પાણીની જોરદાર આવકથી ડેમ ભરાઈ જતા દરવાજા ખોલવા પડયા હતા. વંથલી અને જૂનાગઢ પંથકનાં જળાશયોનાં દરવાજા ગત મોડી રાતે ખોલવા પડયા હતા.

આ ડેમોનાં સ્ત્રાવ વિસ્તારમાં આવેલા ગામોને નદીનાં પટમાં અવરજવર ન કરવા તંત્ર દ્વારા સૂચનાઓ આપવામાં આવી છે. નિકાવામાં સાત ઈંચ જેટલો ભારે વરસાદ થતા ખારા ડેમ ઓવરફ્લો થયો છે જ્યારે ઉંડ - ૪ છલકાવાની તૈયારીમાં છે. નોંધનીય છે કે, હવામાન વિભાગના ડાયરેક્ટ ડોકટર જ્યંત સરકારે સોમવારે જણાવ્યું હતુ કે, હવામાન વિભાગના દ્વારકા સેન્ટરમાં વરસાદી આંકડા નોંધાયા છે. જેમાં છેલ્લા ૨૪ કલાકમાં દ્વારકામાં ભારેથી અતિ ભારે વરસાદ પડ્યો છે. જેના કારણે તમામ જૂના રેકોર્ડ તૂટી ગયા છે. ૧૭ જુલાઈ ૧૯૩૩ના રોજ ૨૭૩.૮ મિલિમિટર વરસાદ પડ્યો હતો. જે ગઈકાલે ૨૭૫.૮ મિલિમિટર વરસાદ પડ્યો છે. જે નવો રેકોર્ડ નોંધાયો છે. દ્વારકા જિલ્લામાં વરસાદે રેકોર્ડ બનાવ્યો છે. .દ્વારકા જિલ્લામાં ૩૯૪.૭ મિલિમિટર વરસાદ ૧ ઓગસ્ટમાં ૨૦૧૪ હતો. જે ગઈકાલે ૪૯૦ મિલિમિટર વરસાદ પડ્યો છે. જે નવો રેકોર્ડ છે.

વ્યંગ કાવ્ય

કેમ બન્યો ,ક્યારે બન્યો ?
મને ખબર નથી,
છું મંત્રી કે હું જ છુ મુખ્ય ?
મને ખબર નથી
કીધુ એટલે લીધાં શપથ ,બાકી
મને નથી ખબર
ચાલે છે રાજ્ય કેમ એ પણ
મને નથી ખબર
હીન્દી બોલવુ ના બોલવુ
મને નથી ખબર
મોઢું ખોલવુ ના ખોલવુ
મને નથી ખબર
આપી વેકેશન નોરતે કેમ રદ કર્યું ?
મને ખબર નથી
ઉતારૂ કે પછી પહેરાવુ હેલમેટ
મને ખબર નથી
શું ધમણ ને કહેવાય વેન્ટીલેટર ?
મને ખબર નથી
પરિક્ષા યોજવી કે ના યોજવી ?
મને ખબર નથી
સવાલ પુછો તો મળે જવાબ એક
મને ખબર નથી
છુ રાજા કે રમકડુ દીલ્હી દરબારનુ
મને ખબર નથી

-રાજેશ ઠાકર

### સૌરાષ્ટ્ર-કચ્છમાં બે દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી

# સૌરાષ્ટ્રમાં મેઘાનું તાંડવ: ૨૦ હજાર લોકોનું સ્થળાંતર

ગાંધીનગર,તા.૭

રાજયમાં વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાક દરમિયાન સૌરાષ્ટ્રમાં એની મહેર યથાવત રાખી છે. રાજયના ૧૧૭ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે. રાજયમાં છેલ્લા ૩ દિવસથી મેઘરાજા અવિરત મેઘમહેર વરસાવી રહ્યા છે. તેમાં પણ સૌરાષ્ટ્ર-કચ્છ પર મેઘો મહેરબાન થયો છે. ત્યારે આજે પણ સવારે ૧૦ વાગ્યા સુધી રાજયમાં ૧૧૭ તાલુકામાં વરસાદ નોઁધાયો છે. હજુ બે દિવસ સુધી સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. સૌરાષ્ટ્ર-કચ્છ પર વેલ માર્ક લૉ પ્રેશર અને સાઈક્લોનિક સર્ક્યુલેશન એમ બે સિસ્ટમ એકસાથે સક્રિય થતાં ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. બે દિવસ ભારે વરસાદ બાદ નવમી જુલાઈથી ક્રમશઃ વરસાદનું ઝોર ઘટશે. સૌથી વધુ ૧૨૭ મિમિ દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં નોઁધાયો છે. જ્યારે જામજોધપુરમાં ૭૬ મિમિ, રાણાવાવમાં ૭૦ મિમિ, માણાવદરમાં ૫૫ મિમિ, કાલાવડમાં ૫૨ મિમિ, લાલપુર અને ભાણવડમાં ૪૯ મિમિ, રાજકોટના ઉપલેટામાં ૪૬ મિમિ, જૂનાગઢના વંથલીમાં ૪૦ મિમિ, પોરબંદર અને કુતિયાણામાં ૩૬ મિમિ, ધોરાજીમાં ૩૧મિમિ જૂનાગઢમાં ૨૬ મિમિ અને દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુરમાં ૨૫ મિમિ વરસાદ નોંધાઈ ચૂક્યો છે.

રાજયમાં વિવિધ જીલ્લાઓમાં ભારે વરસાદ વરસ્યો છે, ત્યારે આ ભારે વરસાદનાં કારણે કારણે અંદાજીત ૨૦ હજાર લોકોનુ સ્થળાંતર કરવામાં આવ્યુ છે. દરિયા અને નદી કિનારે વસવાટ કરતા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા. લોકોને સલામત સ્થળે ખસેડવા માટે એસડીઆરએફની ૧૧ ટીમ તૈનાત કરી દેવામાં આવી. સૌરાષ્ટ્રના ખંમભાળીયા, દ્વારકા, જામનગર, મોરબી અને પોરબંદર જિલ્લામાં લોકોને સલામત સ્થળે લઈ જવામાં આવ્યા છે. સૌરાષ્ટ્રમાં પડેલા ભારે વરસાદને પગલે મોટા ભાગના જળાશયો છલકાયા છે.જામનગરની જીવાદોરી સમાન સસોઈ ડેમ છલકાતા ખેડૂતોના હૈયે હરખની હેલી ઉમટી છે. સસોઇ ડેમમાંથી આસપાસના ૩૦ જેટલા ગામડાઓને સિંચાઇ માટે પાણી પુરૂ પાડવામાં આવે છે. તો રાજકોટના બે સહિત સૌરાષ્ટ્રના ૧૩ ડેમ ઓવરફ્લો થયા છે. રાજકોટના આજી ડેમ-૨ અને ન્યારી ડેમ તેમજ લાલપરી તળાવ ઓવરફ્લો થયું છે. પડધરીનાં ખીજડીયામાં ભારે વરસાદ પડતાં ગૌશાળામાંથી ૪૦ જેટલા પશુઓ પાણીના વેગમાં તણાયા હતા. તો બીજીતરફ કેટલાક વિસ્તારોમાં વરસાદથી ફાયદો પણ થયો છે. મેઘ મહેરના કારણે ઘોધ, નદી તેમજ તેનો આસપાસનો નજારો ખુલી ઉઠ્યો છે.

રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તારીખ ૭મી જુલાઈ-૨૦૨૦ને સવારે ૭.૦૦ કલાકે પુરા થતાં ૨૪ કલાક દરમિયાન ધ્રોલ તાલુકામાં ૨૦૮ મી.મી., જોડીયામાં ૧૯૫ મી.મી. મળી કુલ બે તાલુકામાં આઠ ઈંચ, ભચાઉમાં ૧૬૯ મી.મી.એટલે કે પાંચ ઈંચથી વધુ, ગાંધીધામ તાલુકામાં ૧૧૮ મી.મી., ભાણવડમાં ૧૦૬ મી.મી., રાપરમાં ૧૦૩ મી.મી., કોડીનાર, વઘઈમાં ૧૦૨ મી.મી., ટંકારા, સૂત્રાપાડામાં ૧૦૦ મી.મી., જામજોધપુરમાં ૯૯ મી.મી. મળી કુલ સાત તાલુકાઓમાં ચાર ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તારીખ ૭મી જુલાઈ-૨૦૨૦ને સવારે ૭.૦૦ કલાકે પુરા થતાં ૨૪ કલાક દરમિયાન ધ્રોલ તાલુકામાં ૨૦૮ મી.મી., જોડીયામાં ૧૯૫ મી.મી. મળી કુલ બે તાલુકામાં આઠ ઈંચ, ભચાઉમાં ૧૬૯ મી.મી.એટલે કે પાંચ ઈંચથી વધુ, ગાંધીધામ તાલુકામાં ૧૧૮ મી.મી., ભાણવડમાં ૧૦૬ મી.મી., રાપરમાં ૧૦૩ મી.મી., કોડીનાર, વઘઈમાં ૧૦૨ મી.મી., ટંકારા, સૂત્રાપાડામાં ૧૦૦ મી.મી., જામજોધપુરમાં ૯૯ મી.મી. મળી કુલ સાત તાલુકાઓમાં ચાર ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. સૌરાષ્ટ્રના મોરબીમાં ૫ મી.મી., નવસારીમાં ૫૪ મી.મી., પલસાણામાં ૫૩ મી.મી., કેશોદ, જલાલપોર, તલાલામાં ૫૧ મી.મી., બારડોલીમાં ૪૯ મી.મી. મળી કુલ ૧૫ તાલુકાઓમાં બે ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત રાજયના અન્ય ૪૯ તાલુકાઓમાં એક ઈંચથી વધુ અને અન્ય ૨૭ તાલુકાઓમાં અડધો ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

દ્વારકા જિલ્લામાં સતત ત્રીજા દિવસે પણ વરસાદ યથાવત છે. આજે ફરી ખંભાળિયા, કલ્યાણપુર, ભાણવડ, દ્વારકા પંથકમા વરસાદ વરસ્યો. દ્વારકા જિલ્લામાં સતત ત્રણ દિવસથી વરસાદ વરસી રહ્યો છે જેને લીધે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ભારે વરસાદના લીધે પાકને વ્યાપક નુકસાન થવાની ભીતિ ખેડૂતોમાં સેવાઈ રહી છે. ગુજરાતભરમાં ચોમાસું બરાબરનું જામ્યું છે અને અનેક જિલ્લાઓમાં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. હવામાન વિભાગની આગાહી અનુસાર હજુ આગામી ૩ દિવસ દરમિયાન ગુજરાતના અનેક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે.

### મોડાસામાં પ્રિ-મોન્સુન પ્લાન સામાન્ય વરસાદમાં ધરાશાયી

# ડીપ વિસ્તારમાં ગટર ઓવર ફ્લો થતાં બધુ જ પાણી નીલકંઠ સોસાયટીમાં ભરાયું,ચાર રસ્તા પર પાણી ભરાયા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા





મોડાસા શહેરમાં નગર પાલિકાની પ્રિ –મોન્સુન પ્લાનિંગ પર વરસાદી પાણી ફરી વળ્યા છે. પ્રિ-મોન્સુન પ્લાનિંગ અંતર્ગત શહેરમાં ગટર સાફ સફાઈ માટે લાખો રૂપિયાનો દર વર્ષે કોન્ટ્રાક્ટરને કોન્ટ્રાક આપવામાં આવે છે કોન્ટ્રાક્ટરએ પ્રિ-મોન્સૂન પ્લાન હેઠળ કરેલી નબળી કામગીરી અને ગટરો સાફ કરી કે નહીં તેના પુરાવામાં પ્રથમ વરસાદમાં જોવા મળી ગયા. શહેરના મુખ્ય ચાર રસ્તા પર ગટર બ્લોક થતાં જ વરસાદી પાણી ભરાઈ જતાં રાહદારીઓએ તો હાલાકીઓ ભોગવી પરંતુ વાહન ચાલકો પણ અટવાઈ પડ્યા હતા. પાણી ભરાયાની જાણ થતાં ગટર સાફ સફાઈ માટે કોન્ટ્રાક્ટર દોડી આવ્યો હતો અને મનોમન કહેવા લાગ્યા કે, હમણાં પાણી ઓસરી જશે,, પણ તમે કામ સારૂ કર્યું હોત તો પાણી ભરાઈ ન જતું ભાઈ.. લાખો રૂપિયાનો સાફ-સફાઈનો કોન્ટ્રાક્ટ આવી જ રીતે વરસાદના પ્રથમ વરસાદમાં ગટરમાં સ્વાહા થઈ જાય છે, પણ પાલિકાના સત્તાધિશો કે પાલિકા તંત્રને આનો કોઈ જ ફરક ન પડતો હોય તેવું લાગી રહ્યું છે.

પાણી પુરવઠા પણ પાણીમાં બેસી ગયું

છેલ્લા એક વર્ષ કરતા વધારે સમયથી ડીપ વિસ્તારમાં શૌચાલય નજીક પાઈપ-લાઈનમાં ભંગાણ છે, જે રોજે-રોજ પાણીનો વય થાય છે, આજે ગટર ઉભરાતા પીવાનું અને ગટરનું ગંદુ પાણી ભેગું થયું એટલું જ નહીં આ બધુ પાણી નીલકંઠ સોસાયટીના દરવાજા બહાર જ ભરાઈ ગયું, જેને લઈને સોસાયટીના રહીશોએ હાલાકીઓનો સામનો કરવો પડ્યો હતો. નીલકંઠ સોસાયટીમાં પહેલા પાણી ભરાવાની ઘટનાઓ નથી ઘટી, પણ હવે ગટર વ્યવસ્થા થયા પછી સોસાયટીના નાકે પાણી ભરાઇ જાય છે, તેનો પાલિકા પાસે કોઈ જ જવાબ ન હોય તેવું લાગી રહ્યું છે. હાલ વરસાદી માહોલ છે, અને બ્લોક નાખવાની કામગીરી ડિપ વિસ્તારમાં આડેધડ ચાલી રહી હોય તેવું લાગી રહ્યું છે.

શહેરીજનોના ટેક્સના નાણાં છે, જરા વિચારો

શહેરીજનો મહામહેનતે કમાણી કરીને ટેક્સ ભરે છે, જેનાથી પાલિકા આડેધડ આંખો બંધ કરીને કોન્ટ્રાક્ટરોને મલાઈ આપી દે છે, અને હાલાકીઓ તો શહેરીજનોને જ ભોગવવી પડે છે, પણ પાલિકાએ મૌન સેવી દીધુ છે. પાલિકાના સત્તાધિશો જરા વિચારે કે, મહેનતની કમાણીને આમ કેવી રીતે ખર્ચ કરો છો, ખર્ચ કરીને જરા વિચારો કે, આ નાણાં મોડાસાની જનતાના જ છે. લાખો રૂપિયાના કોન્ટ્રાક્ટ આપ્યા પછી કોન્ટ્રાક્ટરો જેમ ખબર પડે એમ આડેધડ કામ કરી દે છે અને અધિકારીઓ સહી કરીને નાણાં ચુકવી દેવાય છે.

### કેશોદ પંથકમાં મનમુકીને વરસતા મેઘરાજા થી ખુશી વ્યાપી ગઈ

# કેશોદના ઘેડ વિસ્તારમાં પાણી ફરી વળતાં ઠેર ઠેર જળબંબાકાર ની પરિસ્થિતિ

કેશોદ:(રાજુભાઈ પંડ્યા)



સમગ્ર સોરઠ પંથકમાં ભીમ અગિયારસ પર સમુદ્રમાં સર્જાયેલા વાવાઝોડા ની સીસ્ટમ સાથે આવેલા વરસાદ બાદ સમયસરની વાવણી થઈ ગઈ હતી. સમયાંતરે જરૂરિયાત મુજબ વરસાદ વરસતા ખેત પેદાશોના પોષણ મળી રહેતાં ખેડૂતો માં ખુશી વ્યાપી ગઈ હતી. છેલ્લા બે દિવસથી સતત મેઘરાજા મન મૂકીને વરસી રહ્યાં છે ત્યારે કેશોદ શહેરમાં સીઝનનો કુલ વરસાદ બાવીસ ઈંચ નોંધાયો છે અને છેલ્લા ચોવીસ કલાકનો વરસાદ એક ઈંચ નોંધાયો છે. કેશોદ તાલુકાનાં ઘેડ વિસ્તારમાં પસાર થતી નદીઓ ઓઝત,સાબળી, મધુવંતી, ઉતાવળીયો અને ટીલોળી નદી માં પુર આવતાં નદી કિનારે આવેલા ખેતરોમાં પાણી ભરાઇ જતાં ઘેડ પંથકમાં જળબંબાકાર ની પરિસ્થિતિ ઉભી થઈ છે. ચોમાસાની શરૂઆત માં મેઘમહેર વરસી જતાં આવનારાં દિવસોમાં વધુ વરસાદ પડે તો સ્થિતિ કફોડી થવાની સંભાવના વર્તાય છે. દરિયા કિનારે આવેલા કેશોદ તાલુકાના ઘેડ પંથકમાં આવેલી નદીઓ માં ઘોડાપૂર આવ્યા બાદ હિન્દુ તિથિ પ્રમાણે આઠમ અને પૂનમ આજુબાજુ ના દિવસોમાં દરિયા માં ભરતી હોવાથી નદીના નીર ભળવા ન દેતાં વરસાદી પાણી ખેતરોમાં ભરાઈ જાય છે. છેલ્લા બે દિવસથી વરસતા વરસાદમાં સામાન્ય ઝાડની ડાળી પડવાની ઘટનાઓ સીવાય અન્ય ગંભીર ઘટના સદનસીબે બની નથી. વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતાં અને ઠંડક પ્રસરી જતાં કોરોના વાયરસ ફેલાવાની સંભાવના વધી ગઈ છે સંક્રમણ થી કોરોના વાયરસ ફેલાતો અટકાવવા માટે જરૂરી પગલાં ભરવા જરૂરી છે.

# માણાવદર જી.ઈ.બી. પાસે એક વૃક્ષ ધરાશાયી કોઈ જાનહાની નહી



માણાવદર જીઈબી પાસે એક વૃક્ષ ધરાશાયી થયું હતું કોઇ જાનહાની થય ન હતી વિજ વાયર ઉપર વૃક્ષ પડતા વિજળી ગુલ થય ગઇ હતી માણાવદર પીજીવીસીએલ એક ના એન્જિનિયર ડી.એન.રૂપારેલીયા એ તેમની ટીમે તાત્કાલીક સ્થળ ઉપર મોકલી પાવર બંધ કરાવી દીધો હતો અને ચાલુ વરસાદ માં પીજીવીસીએલ એક ની ટીમ દ્વારા વૃક્ષ ખસેડવાની કામગીરી શરૂ કરી ને તાત્કાલીક પાવર ચાલું કરવાની કામગીરી શરૂ કરી દીધી હતી પોતાના જીવની પરવા કર્યો વગર લાઇટ ના પોલ ઉપર ચડી જલદી થી લાઇટ આવે તેવા પ્રયાસ કરીયા હતા થોડા જ કલાકો માં લાઇટ શરૂ કરી દીધી આમ માણાવદર પીજીવીસીએલ ની કાબીલેદાદ કામગીરી ના શહેરભરમાં વખાણ થય રહયા છે

તસ્વીર - અહેવાલ

જીજ્ઞેશ પટેલ માણાવદર

### કોરોના સંક્રમણ અટકાવવા નગરપાલિકાનો એક્શન પ્લાન

# ડીસા શહેરમાં ચીફ ઓફિસર દ્વારા બજારમાં હાથ ધરી તપાસ



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા ના ડીસા શહેર માં કોરોના મહામારી ને લઈ સરકારની ગાઈડ લાઈન નું ઉલ્લંધન કરનાર વેપારીઓ સામે ડીસા નગરપાલિકા દ્વારા કડક દંડાત્મક કાર્યવાહી હાથ ધરાઈ જેમાં રેડીમેડ શો રૂમ સોની દુકાનોમાં તપાસ હાથ ધરી ૧૪૮૦૦ નો ફટકાર્યો દંડ, ડીસાનો પ્રખ્યાત ભગવતી શો રૂમ તથા ભારત સુપર મોલ ને પણ નગરપાલિકા દ્વારા બંધ કરવા માં આવ્યા ત્યારે આ સરકાર ની ગાઈડલાઈન નું હજુ પણ કેટલાક શો રૂમ તથા મોલના માલિકો દ્વારા ગાઈડ લાઈન નું ઉલ્લંઘન કરવા માં આવે છે ત્યારે ડીસા નગર પાલિકા હવે કોરોના ને લઈ એક્શન પ્લાન ના મૂડ માં દેખાઈ રહી છે

ડીસા નગરપાલિકા ના ચીફ ઓફિસર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરાતાં વેપારીઓ માં ફફડાટ જોવા મળ્યો છે ડીસા.ચીફ ઓફિસર ઉપેન્દ્રભાઈ ગઢવી નું કહેવું કે કોરોના મહામારી ને લઈ રોજેરોજ કાર્યવાહી હાથ ધરવા માં આવશે અને જે કોઈ સરકારી ગાઈડલાઈન નું ઉલ્લંઘન કરશે તો તેમની સામે કડક કાર્યવાહી તેમજ દંડ ની જોગવાઈ કરવા માં આવશે

પરંતુ વાત હવે ત્યાં જઈને અટકે છે કે ક્યાંક ને ક્યાંક રાજકીય ભલામણો કરવા માં આવે છે જેમ કે ડિસામાં આવેલ જમકુડી શો રૂમ બંધ કરાવવા જતા પહેલા ડીસાના નગરપાલિકાના પૂર્વ પ્રમુખ તરફથી ભલામણ કરવા માં આવી હતી જયારે આવા કોરોના મહામારી માં ખુદ રાજકીય આગેવાનો તરફથી તેમના સંબધિત માટે ભલામણ કરતા ચર્ચા ચગડોળે છે અને આવનારા સમય માં નગરપાલિકા ના ચીફ ઓફિસર સુ આવી રાજકીય ભલામણો ને સાંભળીને ગાઈડલાઈન નું પાલન કરાવશે કે પછી તેમને પણ રાજકીય ભલામણ ની સાથે પાણી માં બેસી જવું પડશે

### અરવલ્લીમાં આત્મહત્યાના બે બનાવમાં ત્રણના મોત

# શામપુર ગામે પત્ની રિસાઈને જતી રહેતા પતિએ પુત્રી સાથે વખ ગોળ્યું,ભિલોડામાં યુવકે દુકાનમાં ગળેફાંસો ખાતા ચકચાર

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં બે જુદા-જુદા સ્થળોએ આત્મહત્યાના બનાવ બહાર આવતાં ભારે ચકચાર મચી છે જેમાં મોડાસા તાલુકાના શામપુર ગામે ૫૫ વર્ષીય આધેડે તેની પત્ની બે મહિનાથી બાળકોને મૂકી રિસાઈ પીયર જતી રહેતા ૫ વર્ષીય પુત્રી સાથે ઝેરી પ્રવાહી પી ને આત્મહત્યા કરી લેતા પરિવારજનો આઘાતમાં સરી પડ્યા હતા બીજીબાજુ ભિલોડા ત્રણ રસ્તા નજીક બેન્ડ અને ડીજે માલિક યુવકે તેની દુકાનમાં અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ ફાની દુનિયાને અલવિદા કરી દેતા પરિવારજનો અને સગા-સંબંધીઓ દુકાને ઉમટી પડ્યા હતા ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી છે પ્રાપ્ત માહિતી અનુસાર મોડાસા તાલુકાના શામપુર ગામે રહેતા દીપસિંહ કિશોરસિંહ પરમારની પત્ની બે મહિના અગાઉ અગમ્ય કારણોસર ૫ વર્ષીય પુત્રી અને ૨ વર્ષના પુત્રને મૂકીને રિસાઈ પિયર જતી રહેતા દીપસિંહ પત્નિ તરછોડીને જતી રહેતા બંને બાળકો સાથે પત્ની પરત આવવાની રાહ જોઈ રહ્યા હતા બે મહિના થવા આવ્યા છતાં પત્ની પરત ન ફરતાં મનમાં લાગી આવતા મંગળવારે સવારે તેમની ૫ વર્ષની પુત્રીને ઝેરી પ્રવાહી પીવડાવી તેમેને પણ ઝેરી દવા ઘટઘટાવી આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી હતી દીપસિંહની માતા સવારે પુત્રને દૂધ આપવા જતા પુત્ર-પૌત્રી ને મૃત હાલતમાં પડેલા જોતા જ બુમાબુમ કરી મુકતા પરિવારજનો અને લોકો દોડી આવ્યા હતાં પરિવારજનોએ મોડાસા રૂરલ પોલીસને જાણ કરતાં પી.આઈ પટેલ અને તેમની ટિમ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતક પીતા પુત્રીની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી ભિલોડાના માંકરોડા ગામના અને દીપ સ્ટાર બેન્ડના માલિક તેજસ સળુંભાઈ મોડિયા નામના યુવકે ભિલોડા ત્રણ રસ્તા પર આવેલી તેની દુકાનમાં અગમ્ય કારણોસર પંખા પર લટકીને આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી હતી યુવકે ગળે ફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી દેતા અનેક તર્ક વિતર્ક ઉભા થયા હતા યુવકે દુકાનમાં આત્મહત્યા કરી લેતા પરિવારજનો દોડી આવ્યા હતા અને ભારે રોકોક્કળ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી ભિલોડા પોલીસે મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

### બાંટવા ખારા ડેમના બાર દરવાજા ખોલાયા

# માણાવદર પંથકમાં બારેયમેઘ ખાંગા સાત ઈંચ થી વધુ વરસાદ,સમગ્ર પંથક જળબંબાકાર



(જીજ્ઞેશ પટેલ દ્વારા )

માણાવદર પંથકમાં આઠ ઈંચ થી બાર ઈંચ વરસાદ પડેલ ફરી આજે સાત ઈંચ થી વધુ વરસાદ પડતા પંથકમાં બારેયમેધ ખાંગા થયા છે સમગ્ર પંથકમાં જળબંબાકાર થયું છે ગમે ત્યાં જુવો નદી ,નાળાં, વોંકળા, ખેતરો ,રસ્તાઓ,ડેમો બેફામ પાણી થી વહી રહયા છે એક તબકે ભયજનક સ્થિતિ સવારે સર્જાય હતી એક ધારા અનરાધાર વરસાદ થી સમગ્ર શહેરની નદીઓ ડેમો ભયજનક સ્થિતિ એ પહોંચી છે બે કાંઠે પાણી થી પ્રવાહ વહી રહયા છે આ સ્થિતિ ના કારણે બાંટવા ખારાડેમની સપાટી માં બેફામ વધારો થતા આજે સવારે બાંટવા ખારા ડેમના એક સાથે ૧૨ દરવાજા બે ફૂટ ખોલી પ્રતિ સેકન્ડ ૧૧૧૫૨ કયુસેક પ્રવાહથી પાણી છોડવામાં આવી રહયું છે. જેનાથી તે ધોડાપુર કોડવાવ ગામમાં પાણી પહોંચ્યા ત્યાથી પસાર થતા પાણી સમેગા, એકલેરા,ધરસંડ,થાપલા, સહિતના અનેક ગામોનો સંપર્ક તૂટી ગયો હતો સમગ્ર પંથકમાં ગઇકાલ થી આજ બપોર સુધીમાં સાત ઇંચ થી વધુ વરસાદ પડી ચૂકયો છે. અતિભારે વરસાદ ના પગલે શહેરના રસાલા વિસ્તારમાં ધરોમાં પાણી ધૂસી ગયા હતા તો ગીરીરાજ નગર બાંટવા રોડ ઉપર તથા વોંકળા ભયજનક સ્થિતિ પેદા થય હતી શહેરના અનેક નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા તો ગ્રામ્ય વિસ્તાર માં ભારે વરસાદી પાણીથી રસાલા ડેમ બેફામ ઓવરફલો સતત ૧૨ કલાક થી થઇ રહ્યો છે રાત્રી ના ભારે વરસાદથી ક્ષારવતી નદી ઉપરથી પસાર થતો બાગદરવાજા ના પુલ ઉપર થી ભયજનક પાણી વહી રહયા છે લોકો પોતાના જીવના જોખમે આ પુલ પસાર કરી ને જાય છે

તસ્વીર - અહેવાલ

જીજ્ઞેશ પટેલ માણાવદર

# દાંતા રતનપુર ગામની ગંદકીના કારણે ડેગ્યુ થી એક બાળકનો જીવ પણ ગુમી ચુક્યો છે

દાંતા તાલુકાના રતનપુર ગામના લોકો અને કામોથી વંચિત રહ્યા છે રોડ રસ્તા ગટરો સફાઈ અને ગામમાં ગંદાં પાણીની વગર વરસાદ ને નદીઓ વહેતી હોય તેવી સ્થિતિ સર્જાઈ રહી છે પણ ગામના સરપંચ જયારે ઘોર નિદ્રામાં ઉગ્યા હોય તેમ લાગી રહ્યું છે રતનપુર ગામમાં આવેલા રાવળ મોહલ્લામા ગંદકીના કારણે ડેગ્યુ થી એક બાળકનો જીવ પણ ગુમાવી ચુક્યો છે છતાં પણ કોઈ કામની ગંદકી કે સફાઈ ગટરો રોડ રસ્તા જેવા કામો ખાલે કાગળો ઉપર છે ગામની એક મહિલા જે ગામની ગંદકીના કારણે પોતાના બાળકનો જીવ બચાવ્યો હતો તે ગામની મહિલા પોતાની વેદના મિડિયાને કેહતા કે હતા ધ્રુસકે ધ્રુસકે રડી પડી છતા પણ તંત્ર હજુ પોતાની બેદરકારી દાખવી રહી છે સરપંચ કે તાલુકા વિકાસ અધિકારી દ્વારા કોઈ ગામની સમશ્યા સાંભળવાં તૈયાર નથી હવે આવનારા સમયમાં જે ગામની સમસ્યાનો ઉકેલ નહી આવે તો ગ્રામ જનો ગાંધીજી માર્ગ આંદોલન કરશે તેવી ચિમકી આપવામાં આવી હતી.અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી

### કેન્દ્રીય શિપિંગ મંત્રી માંડવિયાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ

# દરિયાકિનારે આવેલી દિવાદાંડી બનશે પ્રવાસન સ્થળ, સરકારે પર્યટન તકોની સમીક્ષા કરી

**ગુજરાતમાં ગોપનાથ, દ્વારકા અને વેરાવળ ખાતે લાઈટહાઉસને પર્યટન સ્થળ તરીકે વિકાસવવાની હાલમાં ચાલી રહેલી કામગીરીની સ્થિતિ અંગે પણ જાણકારી મેળવી**



ન્યુ દિલ્હી,તા.૭

રાજયકક્ષાના કેન્દ્રીય શિપિંગ મંત્રી (સ્વતંત્ર પ્રભાર) મનસુખ માંડવિયાએ આજે સમગ્ર ભારતમાં હાલમાં અસ્તિત્વમાં રહેલા અંદાજે ૧૯૪ લાઈટહાઉસ (દીવાદાંડી)નો વિકાસ કરીને તેને મુખ્ય પર્યટનના આકર્ષણો બનાવવા સંબંધે ચર્ચા કરવા માટે ઉચ્ચ સ્તરીય બેઠકનું આયોજન કર્યું હતું. મંત્રીએ જણાવ્યું હતું કે, આનાથી લાઈટહાઉસની આસપાસના વિસ્તારોમાં પર્યટનની પ્રવૃત્તિઓને વેગ મળશે અને તેનાથી લાઈટહાઉસના ભવ્ય ઈતિહાસ અંગે લોકોને જાણવાની તકો પણ ઉપલબ્ધ થશે.

અધિકારીઓએ આ બેઠકમાં લાઈટહાઉસોને પર્યટનના સ્થળો તરીકે વિકસાવવા અંગે વિગતવાર પ્લાન રજૂ કર્યો હતો. માંડવિયાએ અધિકારીઓને સલાહ આપી હતી કે, તેઓ ૧૦૦ વર્ષથી જૂના લાઈટહાઉસને ઓળખી કાઢે. તેમણે લાઈટહાઉસના ઈતિહાસ અને તેની કામગીરી તેમજ લાઈટહાઉસના પરિચાલન માટે ઉપયોગમાં લેવામાં આવતા ઉપકરણો વગેરે અંગે માહિતીનું વર્ણન કરતા સંગ્રહાલયો તૈયાર કરવા પર ભાર મૂક્યો હતો.

લાઈટહાઉસના વિકાસ માટે તૈયાર કરવામાં આવેલા માસ્ટર વિકાસ પ્લાન અનુસાર, કેટલાક મુખ્ય આકર્ષણોમાં સંગ્રહાલય, માછલીઘર, બાળકો માટે રમવાની જગ્યા અને બગીચા તેમજ જળશાયો વગેરેને સામેલ કરવામાં આવ્યા છે.

મંત્રીએ ગુજરાતમાં ગોપનાથ, દ્વારકા અને વેરાવળ ખાતે લાઈટહાઉસને પર્યટન સ્થળ તરીકે વિકાસવવાની હાલમાં ચાલી રહેલી કામગીરીની સ્થિતિ અંગે પણ જાણકારી મેળવી હતી.

મંત્રીએ અધિકારીઓને સૂચનાઓ આપી હતી કે, તેઓ વહેલી તકે આ પરિયોજના પર વિગતવાર પ્રેઝન્ટેશન તૈયાર કરે. આ બેઠકમાં જહાજ મંત્રાલયના સચિવ, લાઈટહાઉસ અને લાઈટશિપ્સ મહાનિદેશાલયના હ્રય અને અન્ય હિતધારકો ઉપસ્થિત રહ્યા હતા.

# કપરાડા તાલુકાના વાલીઓને ઓનલાઈન શિક્ષણના કારણે પડી રહી છે ભારે હાલાકી

કપરાડા : અજીત પટેલ

કોવિડ-૧૯ કોરોના વાયરસને કારણે દરેક સ્કૂલ-કોલેજમાં ઓનલાઈન શિક્ષણ શરૂ થયું છે, ત્યારે મોટાભાગના વિદ્યાર્થીઓની એ ફરિયાદ છે કે સમજવામાં તકલીફ પડે છે, જ્યારે વાલીઓ માટે તો આ ઓનલાઈને માથાના દુ:ખાવા જેવી પરિસ્થિતિ ઊભી કરી છે. બાળકોને પહેલા જ્યાં મોબાઈલ વાપરવાની ના પાડવામાં આવતી, ત્યાં અત્યારે સામેથી તેમને મોબાઈલ આપવો પડે છે. ઉપરાંત એકથી વધારે બાળકો હોય ત્યારે બન્નેને એકસમયે ભણવા માટે બે મોબાઈલની વ્યવસ્થા અઘરૃ પડે છે. ઉપરાંત નાના બાળકોને તો મમ્મી-પપ્પાના મોબાઈલ લઈને જ બેસવું પડે છે, તો તેટલો સમય મમ્મી-પપ્પા તો બંધાઈ જાય છે, વળી જો મમ્મી-પપ્પા બન્ને જોબ કરતા હોય તો તેમણે પણ અત્યારે વર્કફોમ હોમ હોય તો દરેક માટે મોબાઈલ પ્રાથમિક જરૃરિયાત થઈ જાય છે. તેવા સમયે બાળકો માટે મોબાઈલની વ્યવસ્થા ક્યાંથી કરવી એ સવાલ મુંઝવે છે. ઉપરાંત નેટ પ્રોબ્લેમ, કનેક્ટિવિટી પ્રોબ્લેમ થાય છે. નાના બાળકોને ઓનલાઈનમાં ન સમજાય તો તેને સમજાવવાની જવાબદારી મમ્મીની જ આવે છે. બીજી તકલીફ એ છે કે બધી મમ્મીને આ ઓનલાઈન ક્લાસરૃમમાં એડ થતા નથી આવડતું. ટેકનિકલ જ્ઞાન બધા પાસે હોય એ વિચાર વધારે પડતો છે. કોઈપણ પ્રકારની પૂર્વ તૈયારી કે પ્રાથમિક તાલીમ વગર વિદ્યાર્થીઓને ઓનલાઈન બેસાડી દીધા, તેથી વિદ્યાર્થીઓની સાથે તેમના વાલીની સમસ્યા પણ વધી છે.

# ગુજરાતમાં ૪૩ હજાર કરોડનું ચીની રોકાણ અને એમ.ઓ.યુ. થયા

ગાંધીનગર,તા.૭

કોંગ્રેસે ચીની રોકાણને લઈને ગુજરાતની ભાજપ સરકાર પર નિશાન સાધ્યું છે. પક્ષના પ્રવક્તા પવન ખેડાએ કહ્યું કે, એક તરફ આપણા સૈનિકો પોતાનો જીવ આપીને ચીન સામે લડી રહ્યા છે. ત્યારે ચીની કંપનીઓ ભારતીય બજારમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કરી રહી છે. એપ્લિકેશન પ્રતિબંધ કંઈ ખાસ અસર નહીં કરે. આપણે ચીનના અલીબાબા-પેટીએમ બંધ કરવું જોઈએ. ખેડાએ કહ્યું કે, સરકારી કંપનીઓ પોતાના કોન્ટ્રાક્ટ અને સરકાર તરફથી પણ ચીનને અગ્રતા આપવામાં આવી રહી છે. વડા પ્રધાને બે દાયકાથી ચીન સાથે સારા સંબંધો જાળવી રાખ્યા છે.છેલ્લા પાંચ વર્ષમાં માત્ર ગુજરાતમાં ૪૩ હજાર કરોડનું ચીની રોકાણ અને એમ.ઓ.યુ. થયા છે. ગુજરાત સરકારના આંકડા સ્માર્ટ સિટી પ્રોજેક્ટમાં ૧૯ હજાર કરોડ, ટેક્સટાઈલ પાર્કમાં ૧૨ હજાર કરોડ અને ઓદ્યોગિક ઉદ્યાનમાં ૧૦ હજાર કરોડનું રોકાણ દર્શાવે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.